Hindi / English / Gujarati

# विदुर नीति



महाकाव्य

# અનુક્રમણિકા


| ક્રમ | મુખ્ય વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧ | અધ્યાય : ૧ પંડિત અને મૂર્ખનાં લક્ષણ | ૧ |
| ૨ | અધ્યાય : ૨ સાવધાન અને ગાફલ રાજાનાં લક્ષણો | ૧૫ |
| ૩ | અધ્યાય : ૩ સુધન્વા અને વિરોચનનો સંવાદ | ૨૪ |
| ૪ | અધ્યાય : ૪ કુળવાનના લક્ષણો | ૩૩ |
| ૫ | અધ્યાય : ૫ કૌરવો અને પાંડવોનાં કુળલક્ષણો | ૪૩ |
| ૬ | અધ્યાય : ૬ શ્રેષ્ઠ રાજપુરુષો માટે રાજયોગ | ૫૧ |
| ૭ | અધ્યાય : ૭ સફળતા અને નિષ્ફળતાનું કારણ | ૫૭ |
| ૮ | અધ્યાય : ૮ સુખ દુ:ખની પ્રાપ્તિ | ૬૬ |

ૐ

# અધ્યાય-૧

**વૈશંપાયન બોલ્યા :** બુદ્ધિમાન ધૃતરાષ્ટ્રે દ્વારપાલને (સંજયના ગયા પછી) કહ્યું કે : હું વિદુરને મળવા ઈચ્છું છું, માટે તેને અહીં જલ્દી બોલાવી લાવો. ૧

ધૃતરાષ્ટ્રે મોકલેલા તે દૂતે જઈને વિદુરને કહ્યુંઃ હે મહાજ્ઞાની ! અમારા મહારાજા ધૃતરાષ્ટ્ર તમને મળવા ઈચ્છે છે. ૨

તેમણે આ પ્રમાણે કહ્યું એટલે વિદુરજી રાજમહેલ પાસે આવી બોલ્યા : હે દ્વારપાલ ! હું આવ્યો છું એવી સૂચના ધૃતરાષ્ટ્રને આપો.૩

**દ્વારપાલ બોલ્યો :** હે મહારાજ, આપની આજ્ઞાથી વિદુરજી અહીંયાં આવી પહોંચ્યા છે, તેઓ તમારા ચરણના દર્શન કરવા ઈચ્છે છે. તો તે શું કરે, તેની મને આજ્ઞા અપો. ૪

**ધૃતરાષ્ટ્ર બોલ્યા :** મહાબુદ્ધિમાન દૂરદર્શી વિદુરને અંદર લઈ આવો, હું આ વિદુરજીના દર્શન માટે કોઈ દિવસ અસમર્થ નથી.૫

દ્વારપાલ વિદુરજી પાસે આવીને બોલ્યો : હે વિદુરજી ! આપ બુદ્ધિમાન મહારાજા ધૃતરાષ્ટ્રના અંતઃપુરમાં પધારો. રાજાએ મને કહ્યું છે કે તેઓ વિદુરને મળવા હંમેશાં તૈયાર જ છે. ૬

**વૈશંપાયન બોલ્યા :** પછી વિદુર ધૃતરાષ્ટ્રના મહેલમાં જઈને ચિંતામાં પડેલા રાજાને હાથ જોડી બોલ્યા કે હે મહાજ્ઞાની ! હું વિદુર આપની આજ્ઞાથી અહીં આવ્યો છું. જો કાંઈ મારા માટે કરવા યોગ્ય કામ હોય તો મને આજ્ઞા કરો હું હાજર છું. ૭,૮

**ધૃતરાષ્ટ્રે કહ્યું:** વિદુર, સંજય આવ્યો હતો અને મને બૂરાં-ભલાં વચનો કહીને ગયો છે. આવતી કાલે તે અજાતશત્રુ યુધિષ્ઠિરનાં વચનો સભામાં કહેશે. ૯

એ કુરુવીર યુધિષ્ઠિરનું શું કહેવું છે તે હજું હું સમજી શક્યો નથી તેથી મારાં ગાત્રો બળેછે ને તેથી મને હજુ સુધી ઊંઘ આવી નથી. ૧૦

હે તાત ! હું ચિંતાથી બળતો જાગી રહ્યો છું. મારા હિતની જે કોઈ વાત હોય તે મને કહો કારણ કે આપણા સૌમાં તમે જ ધર્મ અને અર્થના જ્ઞાનમાં કુશળ છો. ૧૧

સંજય જ્યારથી પાંડવો પાસેથી પાછો આવ્યો છે ત્યારથી મારા મનમાં શાંતિ નથી. બધી જ ઈંદ્રિયો અસ્વસ્થ બની ગઈ છે. કાલે તે શું કહેશે તેની મને આજે ખૂબ ચિંતા થયા કરે છે. ૧૨

**વિદુર બોલ્યા :** રાજન્ ! ઉજાગરા તો બળિયા મનુષ્યથી દબાયેલા સાધન રહિત દુર્બળ મનુષ્યને થાય, જેનું બધું જ હરાઈ ગયું છે તેને થાય. ચોર તથા કામીને ઉજાગરા થાય. હે રાજા ! આ મહા દોષોના સંપર્કમાં તો આપ આવ્યા નથીને ? અથવા તમે કોઈ પારકા ધનના લોભમાં તો બળતા નથી ને ? ૧૩, ૧૪

**ધૃતરાષ્ટ્ર બોલ્યા :** હું તમારાં ધર્મયુક્ત તથા કલ્યાણકારી વચનો સાંભળવા ઈચ્છું છું કારણ કે આ રાજર્ષિવંશમાં કેવળ તમે એકલા જ વિદ્વાનોમાં માન્ય છો. ૧૫

**વિદુર બોલ્યા :** હે મહારાજા ધૃતરાષ્ટ્ર ! શ્રેષ્ઠ લક્ષણોથી સંપન્ન રાજા યુધિષ્ઠિર ત્રણે લોકના અધિપતિ થવાને યોગ્ય છે. તે તમારા આજ્ઞાપાલક હતા પણ તમે તેમને વનમાં મોકલી દીધા.

આપ ધર્માત્મા અને ધર્મના જાણકાર હોવા છતાં બંને આંખે અંધ હોવાના કારણે યુધિષ્ઠિર આદિ પાંડુ પુત્રોને તમે ઓળખી શક્યા નથી અને એમના વિરોધી બનીને તેમને રાજ્યનો યોગ્ય ભાગ આપવામાં

અસંમત થયા છો. યુધિષ્ઠિરમાં ક્રૂરતાનો અભાવ, દયા, ધર્મ, સત્ય તથા પરાક્રમ છે અને આપનામાં પૂજ્યબુદ્ધિ રાખે છે; આ સદ્‌ગુણોને કારણે તે (યુધિષ્ઠિર) સમજી-વિચારીને ઘણો ક્લેશ સહન કરે છે.

આપ દુર્યોધન, શકુનિ, કર્ણ તથા દુ:શાસન જેવી અયોગ્ય વ્યક્તિઓ પર રાજ્યનો કારભાર સોંપી કેવી રીતે ઐશ્વર્ય ઈચ્છો છો?

આત્મજ્ઞાન, ઉદ્યોગ, સહનશીલતા અને ધર્મપરાયણતા-આ ગુણો જેને પુરુષાર્થમાંથી પાડતા નથી તેને પંડિત કહેવાય છે.

જે પ્રશંસાપાત્ર કામ કરે છે અને ખરાબ કામોથી દૂર રહે છે, જે આસ્તિક અને શ્રદ્ધાવાન છે, તે લક્ષણવાળો પંડિત છે. ૧૬

ક્રોધ, હર્ષ, ગર્વ, લજ્જા, ઉદ્દંડતા તથા અહંકાર એ જેને પુરુષાર્થથી ભ્રષ્ટ કરતાં નથી તે જ પંડિત કહેવાય છે. ૧૭

જેના કાર્યો, સલાહ અને પ્રથમ કરેલા વિચારોને લોકો જાણતા નથી પણ કામ પૂર્ણ થયા પછી જાણે છે તેને પંડિત કહેવાય છે. ૧૮

જેનાં કાર્યમાં ટાઢ, તાપ, ભય, પ્રીતિ, સમૃદ્ધિ અથવા દરિદ્રતા વિઘ્ન કરી શકતાં નથી તે પંડિત કહેવાય છે. ૧૯

જેની વ્યાવહારિક બુદ્ધિ ધર્મ તથા અર્થને અનુસરે છે ને જેની બુદ્ધિ ભોગને છોડીને પુરુષાર્થને જ ગ્રહણ કરે છે તેને પંડિત કહેવાય છે. ૨૦

વિવેકપૂર્ણ બુદ્ધિવાળો પુરુષ શક્તિ અનુસાર કામ કરવાની ઈચ્છા રાખે છે અને તે પ્રમાણે કામ કરે છે તથા કોઈ વસ્તુને તુચ્છ સમજીને તેની અવહેલના કરતો નથી. ૨૧

વિદ્વાન પુરુષ કોઈ પણ વિષયને ધીરજથી સાંભળે છે; પરંતુ ઝટ સમજી જાય છે. કામને અળગો રાખીને તે સમજપૂર્વક કર્તવ્ય બુદ્ધિથી પુરુષાર્થમાં પ્રવૃત્ત થાય છે. પૂછયા સિવાય કોઈના કામમાં વ્યર્થ વાતોથી ડખલ કરતો નથી. આવા સ્વભાવવાળો પંડિત કહેવાય છે. ૨૨

પંડિત બુદ્ધિવાળા પુરુષો અપ્રાપ્ય વસ્તુની અભિલાષા કરતા નથી. નાશ પામેલી વસ્તુનો શોક કરવા ઈચ્છતા નથી અને આપત્તિમાં મૂંઝાતા નથી. જે નિર્ધારપૂર્વક કાર્ય આરંભે છે, જે કાર્યની વચ્ચે અટકી પડતો નથી. જે સમયને ફોગટ જવા દેતો નથી અને જે મનને વશ રાખે છે, તે જ પંડિત કહેવાય છે. ૨૩, ૨૪

પંડિતો સત્પુરુષોને યોગ્ય એવા કર્મમાં પ્રીતિ રાખે છે, ઐશ્વર્યની પ્રાપ્તિ માટે કર્મો કરે છે અને કોઈના હિતનો દ્વેષ કરતા નથી. જે પોતાના સન્માનથી રાજી થતો નથી અને અપમાનથી તપી ઊઠતો નથી, પણ જે ગંગાના ધરાની પેઠે ગંભીર રહે છે, તે પંડિત કહેવાય છે. ૨૫, ૨૬

જે પુરુષ પ્રાણીમાત્રનાં તત્ત્વનો જ્ઞાતા છે, જે કર્મમાત્રના યોગનો વેત્તા છે અને જે મનુષ્યમાત્રના ઉપાયોનો જાણકાર છે, તે પંડિત કહેવાય છે. જેની વાણી અસ્ખલિત વહેનારી છે, જે લોકકથાનો જાણકાર છે, જે તર્કશીલ છે, જે પ્રભાવ શક્તિવાળો છે અને જે ગ્રંથને બરાબર સમજાવી શકે છે, તે પંડિત કહેવાય છે. ૨૭, ૨૮

શાસ્ત્ર જેની બુદ્ધિને આવકારે છે તથા જેની બુદ્ધિ શાસ્ત્રને અનુસરે છે અને પૂજ્ય પુરુષોએ બાંધેલી મર્યાદા ઓળંગતો નથી, તે પંડિતની પદવી પામે છે. ૨૯

જે શાસ્ત્રહીન હોવા છતાં મહા અભિમાની છે, જે દરિદ્ર હોવા છતાં મોટાં કામોનો સંકલ્પ કરે છે અને જે કામ કર્યા વગર ધન સંપત્તિ મેળવવા ઈચ્છે છે, તેને પંડિતો મૂર્ખ કહે છે. ૩૦

જે પોતાનું કામ છોડીને પારકાનું કામ લઈ બેસે છે અને જે મિત્ર સાથે મિથ્યા આચરણ કરે છે તે મૂર્ખ કહેવાય છે. ૩૧

જે પોતા પર પ્રેમ ન રાખનારને ચાહે છે ને પ્રેમ રાખનારનો ત્યાગ કરે છે તથા જે બળવાનનો દ્વેષ કરે છે, તેને પંડિતો મૂઢ બુદ્ધિવાળો કહે છે.

જે શત્રુને પોતાનો મિત્ર કરે છે, જે મિત્રનો દ્વેષ કરે છે, તેની હિંસા

કરે છે ને જે દુષ્ટ કર્મનો આરંભ કરે છે તેને પંડિતો મૂર્ખ બુદ્ધિવાળો કહે છે.

હે ભરત શ્રેષ્ઠ ! જે પોતે કરવાનાં કામો સેવક વગેરે પાસે કરાવે છે, જે જ્યાં ત્યાં શંકા કરે છે અને જે તરત કરવાના કામમાં વિલંબ કરે છે તે મૂર્ખ છે. ૩૪

જે પિતૃઓનું શ્રાદ્ધ કરતો નથી, દેવોની પૂજા કરતો નથી અને જેને સહૃદય મિત્ર મળતો નથી, તેને પંડિતો મૂર્ખ બુદ્ધિવાળો કહે છે.૩૫

જે વણ બોલાવ્યો અંદર આવે છે, જે વણ પૂછ્યે બોલ બોલ કરે છે અને જે વિશ્વાસપાત્ર નહિ એવા પર વિશ્વાસ રાખે છે, તે અધમ મનુષ્ય મૂઢ બુદ્ધિવાળો છે. ૩૬

જે બીજાના દોષ જોઈને તેની નિંદા કરે છે, છતાં પોતે જ તેવું દોષમય વર્તન રાખે છે અને જે અસમર્થ છતાં ક્રોધ કરે છે, તે પુરુષ મહામૂર્ખ છે. ૩૭

જે ધર્મ તથા અર્થથી રહિત એવા પોતાના બળને જાણતો નથી અને માત્ર હાથપગ જોડી રાખીને અલભ્ય વસ્તુની ઈચ્છા કરે છે, તેને આ લોકમાં મૂઢ બુદ્ધિવાળો કહેવામાં આવે છે. ૩૮

હે રાજન્ ! જે પોતાનો શિષ્ય ન હોય તેને ઉપદેશ આપે છે, જે છાની રીતે રાજરાણીઓને સેવે છે અને જે કંજૂસની સેવા કરે છે, તેને પંડિતો મૂઢ બુદ્ધિવાળો કહે છે. ૩૯

ખૂબ સંપત્તિ, વિદ્યા અથવા ઐશ્વર્ય મેળવીને પણ જે ઉદ્ધતાઈ રહિત વિચરે છે, તે પંડિત કહેવાય છે. ૪૦

જે મનુષ્ય પોતાના સેવક આદિ પરિવારને બાકાત રાખીને પોતે સારું ભોજન જમે છે અને સારાં વસ્ત્રો પહેરે છે, તેના કરતાં વધારે ઘાતકી બીજો કોણ છે ? ૪૧

કોઈ મનુષ્ય પાપ કરે છે, પણ તેનું ફળ (લાભ) ઘણાં માણસો ભોગવે છે. ફળ ભોગવનારાઓ તો પાપથી છૂટી જાય છે; પણ કર્તાને

પાપનો દોષ ચોટી જ રહે છે. ધનુષધારીએ છોડેલું બાણ કોઈને મારે કે ન પણ મારે; પરંતુ બુદ્ધિમાને યોજેલી બુદ્ધિ તો રાજા સાથે રાષ્ટ્રનો પણ નાશ કરી નાખે છે. ૪૨, ૪૩

એક (બુદ્ધિ) વડે બે (કાર્ય તથા અકાર્ય)નો નિશ્ચય કરો અને ચાર (શામ, દામ, ભેદ તથા દંડ)થી ત્રણ (શત્રુ, મિત્ર તથા ઉદાસીન)ને વશ કરો; પાંચ (જ્ઞાનેંદ્રિયો) ઉપર વિજય મેળવી, છ (સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ તથા આશ્રય)ને સમજી, સાત (સ્ત્રીસંગ, દ્યૂત, મૃગયા, મદ્યપાન, કઠોરવાણી, ક્રૂર દંડ તથા અન્યાયથી ધનનું ઉપાર્જન)નો ત્યાગ કરીને તમે સુખી થાઓ. ૪૪

ઝેરનો રસ એકને (પીનારને) મારે છે અને શસ્ત્રથી એક જ માર્યો જાય છે; પરંતુ રાજાની મંત્રણામાં કદી ગરબડગોટો વળે છે, તો તેથી તે પ્રજા અને રાષ્ટ્ર સહિત રાજાનો નાશ થાય છે. ૪૫

એકલાએ સ્વાદિષ્ટ ભોજન જમવું નહિ, એકલાએ કોઈ કાર્યનો વિચાર કરવો નહિ. એકલાએ પંથ કાપવો નહિ અને ઘણાં સૂતા હોય ત્યાં એકલાએ જાગતા બેસવું નહિ. ૪૬

હે રાજન્ ! તમે જાણતા નથી કે જેમ સમુદ્રને તરવા માટે નૌકા જ એક માત્ર વાહન છે, તેમ સત્યભાષણ એ જ સ્વર્ગની એક માત્ર સીડી છે અને સત્ય-બ્રહ્મ જ મોક્ષનું એક અદ્વિતીય સાધન છે. ૪૭

ક્ષમાવાન મનુષ્યમાં એક જ દોષ સંભવે છે, બીજો દોષ તેનામાં ઘટતો નથી, એ દોષ એ જ કે ક્ષમાવાન મનુષ્યને લોકો અશક્ત માને છે.

પણ ક્ષમાશીલની ક્ષમાને દોષ ન માનવો જોઈએ; કારણ કે ક્ષમા એ જ મહાન બળ છે. અશક્તોને માટે ક્ષમા ગુણરૂપ છે, તો સમર્થોને માટે ક્ષમા એ ભૂષણરૂપ છે. ૪૯

આ જગતમાં ક્ષમા વશીકરણ છે. ક્ષમાથી શું સાધ્ય થતું નથી ? અરે! જેના હાથમાં શાંતિરૂપી ખડગ છે, તેને દુર્જન શું કરી શકશે ? ૫૦

કારણ કે ઘાસ વિનાની જગામાં પડેલો અગ્નિ તો આપમેળે જ ઓલવાઈ જાય છે. ક્ષમા વિનાનો મનુષ્ય પોતાને તેમજ બીજાને અનેક દોષોવાળો કરે છે. ૫૧

એક ધર્મ જ પરમ કલ્યાણરૂપ છે; એક માત્ર ક્ષમા જ શાંતિનો ઉત્તમ ઉપાય છે, એક વિદ્યા જ પરમ તૃપ્તિરૂપ છે અને એક અહિંસા જ સુખને આપનારી છે. ૫૨

સર્પ જેમ દરમાં પડી રહેનારાં પ્રાણીઓને ગળી જાય છે, તેમ પૃથ્વી, શત્રુની સાથે વિરોધ ન કરનાર રાજાને અને પ્રવાસ ન કરનાર બ્રાહ્મણને એ બેને ગળી જાય છે. ૫૩

કઠોર વાણી થોડી પણ ન બોલવી અને દુષ્ટની પૂજા ન કરવી; એ બે કર્મ કરનારો મનુષ્ય આ લોકમાં વિશેષ શોભે છે. ૫૪

હે પુરુષવ્યાઘ્ર ! એકે પૂજેલાને પૂજનારો પુરુષ (જેમ પુત્રે પૂજેલા કર્ણને પૂજનારા તમે છો તેમ) અને એક સ્ત્રીએ કામના કરેલા પુરુષની ઈચ્છા કરનારી સ્ત્રીઓ, એ બંને પારકાના વિશ્વાસે કામ કરે છે. ૫૫

જે નિર્ધન છતાં અનેક પદાર્થોની કામના કરે છે ને અસમર્થ છતાં જે ક્રોધ કરે છે, એ બંને વાત શરીરને શોષી નાખનાર તીક્ષ્ણ કાંટારૂપે છે.૫૬

ગૃહસ્થ હોઈને નિરુદ્યોગી રહેનાર અને ભિક્ષુક (સંન્યાસી) થઈને કાર્ય કરનાર, એ બંને વિપરીત કર્મ કરવાથી શોભતા નથી. ૫૭

હે રાજન્ ! સમર્થ હોવા છતાં જે ક્ષમાવાન છે અને દરિદ્રી હોવા છતાં જે દાતા છે, એ બંને પુરુષો સ્વર્ગની ઉપર રહે છે. ૫૮

ન્યાયથી મેળવેલું દ્રવ્ય અપાત્રને આપવું અને પાત્રને ન આપવું, એ બે તેના દુરુપયોગ જાણવા. ૫૯

ધનવાન હોવા છતાં જે દાન આપતા નથી અને દરિદ્રી હોવા છતાં જે તપસ્વી નથી, એ બંનેને ગળે મજબૂત શિલા બાંધીને પાણીમાં ડૂબાડી દેવા જોઈએ. ૬૦

યોગયુક્ત સંન્યાસી અને યુદ્ધમાં સામે મોઢે મૃત્યુને ભેટનારો વીર એ બંને સૂર્યમંડળને ભેદી ઊર્ધ્વગતિને પામે છે. ૬૧

ભરતશ્રેષ્ઠ ! મનુષ્યોને વશ કરવાના ઉત્તમ (શામ), મધ્યમ (દામ તથા ભેદ) અને કનિષ્ઠ (યુદ્ધ કે દંડ) એ ત્રણ ઉપાયો સંભળાય છે, એમ વેદવેત્તાઓ જાણે છે. ૬૨

ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ પ્રકારના પુરુષો હોય છે; એટલે તેઓની યોગ્યતા પ્રમાણે તેમને ત્રણ કર્મમાં જોડવા જોઈએ. (ત્યારે તમે તો કર્ણ જેવાને મંત્રી કરી બેઠા છો !) ૬૩

હે રાજન્ ! સ્ત્રી, પુત્ર અને દાસ એ ત્રણ ધનના અધિકારી નથી, કારણ કે તેઓ જે ધન મેળવે છે, તે ધન તો તેઓ જેનાં હોય તેનું છે.૬૪

પરદ્રવ્યનું હરણ, પરસ્ત્રીનો સહવાસ અને હિતૈષીનો પરિત્યાગ કરવો, એ ત્રણ દોષો નાશકારક છે. ૬૫

કામ, ક્રોધ અને લોભ એ ત્રણ આત્માનો નાશ કરનારાં નરકનાં દ્વાર છે; માટે એ ત્રણેનો ત્યાગ કરવો. ૬૬

હે ભારત ! વરપ્રદાન, રાજ્ય પામવું અને પુત્રજન્મ, આ ત્રણ એક તરફ ને બીજી તરફ શત્રુને કપટમાંથી મુક્ત કરવો એ બંને સમાન છે.૬૭

જે પોતાનો ભક્ત છે, જે પોતાનો સેવક છે અને જે હું તમારો છું એ પ્રમાણે બોલે છે, એ ત્રણ જો શરણે આવ્યા હોય, તો પોતાની વિષમ સ્થિતિમાં પણ તેમનો ત્યાગ કરવો નહિ. ૬૮

પંડિતો કહે છે, મહાબળવાન રાજાએ આ ચાર : અલ્પબુદ્ધિવાળાની સાથે, દીર્ઘસૂત્રીની સાથે, હર્ષાવેગમાં આવેલાની સાથે અને ભાટાઈ કરનારાઓની સાથે ગુપ્ત વિચાર કરવો નહિ. ૬૯

હે તાત ! તમારા જેવા ઐશ્વર્યસંપન્ન ગૃહસ્થાશ્રમીના ઘરમાં વૃદ્ધ સંબંધી, વિપત્તિમાં આવેલો ઉચ્ચ કુલીન મનુષ્ય, દરિદ્ર મિત્ર અને સંતાન રહિત બહેન એ ચાર રહેવાં જોઈએ. ૭૦

હે મહારાજ ! ઈન્દ્રના પૂછવાથી બૃહસ્પતિએ તત્કાલ ફળ આપનારી ચાર વસ્તુઓ કહી બતાવી છે. દેવતાઓનો સંકલ્પ, બુદ્ધિમાનોનો પ્રભાવ, વિદ્વાનોનો વિનય અને પાપીઓનો નાશ, એ ચાર તમે જાણો. ૭૧, ૭૨

આદર સાથે કરેલા અગ્નિહોત્ર, મૌન, વેદાધ્યયન અને યજ્ઞ આ ચાર કર્મો અભય આપનારાં છે; પરંતુ તે જ કર્મો જો દંભથી કર્યાં હોય તો ભય આપનારાં છે. ૭૩

પિતા, માતા, અગ્નિ, આત્મા ને ગુરુ એ પાંચ અગ્નિની પેઠે ઉપાસના કરવા યોગ્ય છે માટે તેમની પ્રયત્નપૂર્વક સેવા કરવી જોઈએ. ૭૪

દેવ, પિતૃ, મનુષ્ય, ભિક્ષુક અને અતિથિ આ પાંચનું પૂજન કરવાથી મનુષ્યને લોકમાં નિર્મળ યશ મળે છે. ૭૫

રાજન્ ! મિત્રો, શત્રુઓ, મધ્યસ્થીઓ, ગુરુઓ અને સેવકો, આ પાંચ તમે જ્યાં જ્યાં જશો, ત્યાં ત્યાં તમારી પાછળ આવશે. ૭૬

પાંચ ઈંદ્રિયવાળા મનુષ્યની જો એક ઈંદ્રિય પણ છિદ્રવાળી (વિષયપરાયણ) હોય તો કાણી પખાલમાંથી ટપકી જતા પાણીની જેમ, તેની બુદ્ધિ પણ એ છિદ્ર દ્વારા બહાર ટપકી જાય છે. ૭૭

જગતમાં ઐશ્વર્ય મેળવવાની ઈચ્છાવાળા પુરુષે નિદ્રા, તંદ્રા, ભય, ક્રોધ, આળસ ને દીર્ઘસૂત્રીપણું આ છ દોષોનો ત્યાગ કરવો જોઈએ. ૭૮

ભાંગેલી નૌકાને જેમ સાગરમાં પડતી મૂકવામાં આવે છે તેમ ઉપદેશ ન આપનાર આચાર્ય, અધ્યયનરહિત ઋત્વિજ, રક્ષણ ન કરનાર રાજા, અપ્રિય બોલનારી સ્ત્રી, ગામમાં જ રહેવા ઈચ્છતો ગોવાળ અને વનમાં રહેવાની ઈચ્છાવાળો વાળંદ આ છ ને છોડી દેવાં. ૭૯,૮૦

સત્ય, દાન, ઉદ્યોગીપણું, ઈર્ષ્યારહિતતા, ક્ષમા અને ધૈર્ય આ છ ગુણોને પુરુષે કદાપિ છોડવાં નહિ. ૮૧

હે રાજન્ ! નિત્ય ધનની પ્રાપ્તિ, આરોગ્ય, પોતાને પ્રિય અને

પ્રિયવાદિની પત્ની, આજ્ઞાકારી પુત્ર અને દ્રવ્ય આપનારી વિદ્યા-આ છ જીવલોકમાં સુખ આપનારાં છે. ૮૨

જે મનુષ્ય પોતાને વિષે નિત્ય રહેનારા કામ, ક્રોધ, શોક, મોહ, મદ ને માન એ છની ઉપર પોતાની સત્તા બેસાડે છે તે જિતેંદ્રિય છે, તે પાપથી ખરડાતો નથી, તો પછી તેને અનર્થનો સંબંધ તો ક્યાંથી થાય? ૮૩

ચોર લોકો હંમેશાં ગાફેલ મનુષ્ય પર જીવિકા ચલાવે છે, વૈદ્યો રોગીઓ પર જીવિકા ચલાવે છે, પ્રમદાઓ કામી પુરુષો પર જીવિકા ચલાવે છે, ગોર યજમાનો પર જીવિકા ચલાવે છે, રાજા કજિયા કરનારાઓ પર જીવિકા ચલાવે છે અને પંડિતો મૂર્ખો પર જીવિકા ચલાવે છે. આમ આ છની પેલા છને આધારે આજીવિકા છે. સાતમો કોઈ નથી. ૮૪,૮૫

ગાયો, ચાકરી, ખેતી, સ્ત્રી, વિદ્યા અને શૂદ્રની સંગતિ આ છ તરફ જરા પણ બેદરકારી રખાય, તો તે વિનાશ પામે છે. ૮૬

નીચેના છ જણાઓ પૂર્વે તે તે ઉપકાર કરનારાને અવશ્ય વીસરી જાય છેઃ ભણી ગયેલા શિષ્યો આચાર્યને, પરણેલા પુત્રો માતાને, કામ રહિત થયેલો પુરુષ સ્ત્રીને, કૃતાર્થ થયેલો પુરુષ કાર્ય પ્રયોજકને, દુસ્તર જળને તરી ગયેલાઓ નૌકાને અને રોગથી સાજા થયેલાઓ વૈદ્યને ભૂલી જાય છે. ૮૭,૮૮

હે રાજન્ ! આરોગ્ય, કરજ વિનાની સ્થિતિ, રઝળપાટ ન કરતા સ્વસ્થાનમાં નિવાસ, સારા મનુષ્યોની સંગતિ, પોતાને અનુકૂળ જીવિકા તથા નિર્ભય વાસ આ છ જીવલોકનાં સુખ છે. ૮૯

ઈર્ષ્યાખોર, દયાળુ, અસંતોષી, ક્રોધી, નિત્ય શંકાશીલ અને પારકાના ભાગ્ય પર જીવનારા આ છ નિત્ય દુઃખી હોય છે. ૯૦

સ્ત્રીસંગ, દ્યૂત, મૃગયા, મદ્યપાન, કઠોર વાણી, કઠોર શિક્ષા અને પૈસાની ખુવારી આ દુઃખદ સાત દોષોને રાજાએ સર્વદા ત્યજવા; કારણ કે બરાબર સ્થિર થયેલા રાજાઓ પણ બહુધા એ દોષો વડે વિનાશ પામે છે.

જે મનુષ્યનો વિનાશ આવી લાગ્યો હોય છે, તેનાં આ આઠ પૂર્વ ચિહ્નો હોય છે. તે પ્રથમ બ્રાહ્મણોનો દ્વેષ કરે છે, બ્રાહ્મણોની સાથે વિરોધ કરે છે, બ્રાહ્મણોનું ધન હરિ લે છે, બ્રાહ્મણોને મારવાની ઈચ્છા કરે છે, બ્રાહ્મણોની નિંદાથી ખુશ થાય છે, બ્રાહ્મણોની પ્રશંસાને અભિનંદન આપતો નથી, યજ્ઞ-યાગાદિકમાં બ્રાહ્મણોને સંભાળતો નથી અને બ્રાહ્મણો યાચના કરે ત્યારે તેમના દોષ કાઢે છે. ડાહ્યા મનુષ્યે આ દોષોને જાણી લેવા અને એનો ત્યાગ કરવો. ૯૩-૯૫

હે ભારત ! મિત્રોનો સમાગમ, મહાન ધનપ્રાપ્તિ, પુત્રનું આલિંગન, મૈથુનમાં સ્ત્રીપુરુષનો સાથે જ વીર્યસ્ત્રાવ, સમયસર પ્રિય ભાષણ, પોતાની જ્ઞાતિમાં પોતાનો અભ્યુદય, ઈચ્છિત વસ્તુનો લાભ અને જનસમુદાયમાં સન્માન આ આઠ વાત લોકમાં વર્તમાન જોવામાં આવે છે. તે દૂધના સારરૂપ માખણની પેઠે હર્ષના સારરૂપ છે અને પોતાનાં સુખને માટે કારણભૂત છે. ૯૬-૯૮

બુદ્ધિ, કુલીનતા, ઈંદ્રિયનિગ્રહ, શાસ્ત્રનું જ્ઞાન, પરાક્રમ, પરિમિત ભાષણ, યથાશક્તિ દાન ને કૃતજ્ઞતા આ આઠ ગુણો પુરુષને દીપાવે છે. ૯૯

આ શરીરરૂપી ઘરને નવ દ્વાર (આંખ, કાન વગેરે) છે, અવિદ્યા, કામ અને કર્મ એ ત્રણ થાંભલા છે; શબ્દાદિ પાંચ વિષયો એના સાક્ષી છે અને જીવ એમાં ઘરના ધણી તરીકે નિવાસ કરે છે. જે વિદ્વાન આ ઘરને યથાર્થ રીતે જાણે છે, તે સર્વોત્તમ બ્રહ્મવેત્તા છે.૧૦૦

હે ધૃતરાષ્ટ્ર ! દશ જણા ધર્મને જાણતા નથીઃ મદ્ય વગેરેથી ગાંડો થયેલો, બીજા વિષયમાં આસક્ત થવાથી અસાવધ થયેલો, ધાતુદોષથી વિકળ થયેલો, થાકી ગયેલો, ક્રોધે ભરાયેલો, ભૂખ્યો થયેલો, ઉતાવળો, લોભિયો, બીકણ અને કામી. તેથી સજ્જન પુરુષે એમાંના કોઈની પણ સંગતિ કરવી નહિ. ૧૦૧,૧૦૨

આ વિષયમાં અસુરરાજ સુધન્વાએ પોતાના પુત્રને જે પ્રાચીન

ઈતિહાસ કહ્યો છે, તે આ પ્રમાણે છે. જે રાજા કામ તથા ક્રોધનો ત્યાગ કરે છે, સુપાત્રને ધન આપે છે, તારતમ્ય જાણે છે, શાસ્ત્ર જાણે છે અને ઝટ વિચારેલું કામ કરે છે. તેને સર્વ લોક પ્રમાણરૂપ માને છે. ૧૦૩,૧૦૪

જે રાજા મનુષ્યોને વિશ્વાસમાં લેવાનું જાણે છે, જે જેમના અપરાધ જાણવામાં આવ્યા હોય તેમને દંડ કરે છે અને જે અપરાધ અનુસાર શિક્ષા તથા ક્ષમા કરવાનું જાણે છે, તે રાજાને સમગ્ર લક્ષ્મી સેવે છે.૧૦૫

જે રાજા કોઈ અતિ દુર્બળનું પણ અપમાન કરતો નથી, જે શત્રુનાં છિદ્ર જાણવા માટે બુદ્ધિપૂર્વક તથા સાવધાનીથી વર્તે છે, જે બળવાનોની સાથે યુદ્ધ કરવાને ઈચ્છતો નથી અને જે સમય આવતાં પરાક્રમ કરે છે, તેને ધીર સમજવો. ૧૦૬

જે રાજા આપત્તિ આવતાં કદી ગભરાતો નથી, જે સાવધાન રહીને નિત્ય ઉદ્યોગ ઈચ્છે છે અને એ સમયે આવી પડેલાં દુઃખને સહન કરે છે, તે ધુરંધર મહાત્મા છે અને તેના શત્રુઓ જિતાયેલા જ છે. ૧૦૭

જે ઘર છોડીને ફોગટ પ્રવાસ કરતો નથી, જે પાપીઓ સાથે મિત્રતા કરતો નથી, જે પરસ્ત્રીનું સેવન કરતો નથી અને જે દંભ, ચોરી ચાડિયાપણું તથા મદ્યપાન કરતો નથી, તે સદૈવ સુખી રહે છે.૧૦૮

જે મનુષ્ય ક્રોધ કરીને ધર્મ, અર્થ તથા કામનો આરંભ કરતો નથી, જે કોઈના પૂછવાથી સાચું જ કહે છે, જે મિત્રને માટે નાહક ઝઘડો-વિવાદ કરવા ઈચ્છતો નથી અને જે પોતાનો સત્કાર ન થાય તો પણ ગુસ્સે થતો નથી, તે જ વિદ્વાન છે. ૧૦૯

જે ઈર્ષ્યા કરતો નથી, જે દયા રાખે છે, જે દુર્બળ ન હોવા છતાં બીજાની સાથે વિરોધ કરતો નથી, જે મર્યાદા છોડીને કદી બોલતો નથી અને જે કોઈ ઊલટું બોલે તો તેને પણ સહન કરે છે, તે પુરુષ પ્રશંસા પામે છે. ૧૧૦

જે કદી આછકલો વેશ ધારણ કરતો નથી, જે પોતાનાં પરાક્રમને આગળ કરીને બીજાની નિંદા કરતો નથી ને જે પોતે ખિજાયો હોય છતાં

બીજાને જરાય કડવાં વચન કહેતો નથી, તે પુરુષ લોકોને સદૈવ પ્રિય છે.

જે મનુષ્ય શાંત થયેલા વેરને ફરી જગાડતો નથી, જે ગર્વ કરતો નથી, જે નિરાશ થઈ જતો નથી ને જે હું દુર્બળ સ્થિ તિમાં છું એમ માનીને અયોગ્ય કામ કરતો નથી, તેને આર્યપુરુષો ઉત્તમ શીલવાન કહે છે. ૧૧૨

જે મનુષ્ય પોતાના સુખમાં હર્ષઘેલો થતો નથી, જે બીજાના દુઃખમાં રાજી થતો નથી અને કાંઈ આપ્યા પછી પશ્ચાતાપ કરતો નથી, તે લોકોમાં આર્યશીલ સત્પુરુષો કહેવાય છે. ૧૧૩

જે પુરુષ જુદા જુદા દેશના આચાર, જુદી જુદી ભાષાના ભેદો, જાતિના ધર્મો અને ઉન્મત્ત-અધમના વિવેકને જાણે છે, તે ઐશ્વર્ય મેળવવાની ઈચ્છાથી જ્યાં જાય છે ત્યાં સર્વદા સમાજનો નેતા થાય છે.

દંભ, મોહ, મત્સર, પાપકૃત્ય, રાજાને અપ્રિય હોય તે, ચાડી, સમુદાય સાથે વેર, મત્ત, ઉન્મત્ત તથા દુર્જન સાથે વાદ, એટલાંનો જે ત્યાગ કરે છે, તે શ્રેષ્ઠ બુદ્ધિમાન ગણાય છે. ૧૧૫

દાન, હોમ, દેવકૃત્ય, મંગલ કર્મો, પ્રાયશ્ચિતો અને વિવિધ લૌકિક આચાર એટલું જે નિત્ય કરે છે, તેનો દેવતાઓ અભ્યુદય કરે છે.૧૧૬

જે મનુષ્ય વિવાહ, મિત્રતા, વ્યવહાર ને વાતચીત પોતાના સમાનની સાથે કરે છે પણ હલકાની સાથે કરતો નથી. જે પોતાના કરતાં અધિક ગુણવાળાને સત્કારે છે, તે વિદ્વાનની નીતિની ઉત્તમ પ્રસિદ્ધિ પામે છે.૧૧૭

જે મનુષ્ય આશ્રિતજનોને વહેંચી આપ્યા પછી પોતે માપસર ભોજન કરે છે. જે અમાપ કામ કરીને માપની ઊંઘ લે છે અને જે શત્રુઓ યાચના કરે તો તેમને પણ આપે છે, આવા વશ ચિત્તવાળા મનુષ્યને અનર્થો ત્યજી જાય છે. ૧૧૮

જે મનુષ્યના કરવા ધારેલાં કામને તથા આરંભેલાં કામને બીજા લોકો જરા પણ જાણતા નથી અને જે મંત્રણાને ગુપ્ત રાખીને સારી રીતે

કાર્યને પાર પાડે છે, તેનું કામ જરા સરખું પણ બગડતું નથી. ૧૧૯

જે સર્વ પ્રાણીને શાંતિ મળે એ હેતુથી યત્ન કરે છે, જે સાચો છે, જે કોમળ છે, જે માન આપનારો છે અને જે શુદ્ધ ભાવવાળો છે, તે પોતાની જ્ઞાતિમાં ઉત્તમ ખાણમાં ઉત્પન્ન થયેલા તેજસ્વી મહામણિની જેમ અત્યંત પ્રસિદ્ધ થાય છે. ૧૨૦

જે પોતાનું દુષ્કર્મ બીજાએ જાણ્યું ન હોય છતાં પોતાની મેળે જ અત્યંત લજવાય છે, તે નિર્મળ મનના સાવધાન પુરુષો કરતાં શ્રેષ્ઠ છે અને પોતાના તેજ વડે અનંત તેજસ્વી સૂર્યની જેમ પ્રકાશે છે. ૧૨૧

શાપથી બળી ગયેલા પાંડુરાજાના ઈંદ્રના જેવા શક્તિશાળી પાંચ પુત્રો વનમાં ઉત્પન્ન થયા છે, એ બાળકો તમારે હાથે જ ઊછરીને મોટા થયા છે, તેમ શિક્ષિત થયા છે. તેઓ તમારી આજ્ઞાનું પાલન કરે છે. ૧૨૨

હે તાત ! તમે તેમને યોગ્ય રાજ્યભાગ આપો અને પુત્રોની સાથે આનંદ પામી સુખી થાઓ. પછી દેવોમાંથી અને મનુષ્યોમાંથી કોઈપણ તમારા ઉપર શંકા લાવશે નહિ. ૧૨૩

**વિદુરનીતિ : અધ્યાય પહેલો સંપૂર્ણ.**

# અધ્યાય-૨

**ધૃતરાષ્ટ્ર બોલ્યા :** તાત ! મને ઊંઘ આવતી નથી અને હું ચિંતાથી બળી રહ્યો છું. તેથી તને જે કાર્ય યોગ્ય લાગતું હોય તે મને કહે. સાચે જ અમારામાં તું ધર્મ તથા અર્થમાં કુશળ છે.૧

હે ઉદારચિત્ત વિદુર ! જે અજાતશત્રુ યુધિષ્ઠિરને હિતકારી ને કૌરવોને માટે શ્રેયસ્કર હોય, તે સર્વ તું મને વિચારપૂર્વક અને સારી રીતે કહે.૨

વિદ્વાન્ ! મને ભાવી દુઃખની ફાળ રહે છે ને મારા પૂર્વના અપરાધો જોઈને હું ગભરાઈ રહ્યો છું. વ્યાકુળ ચિત્તે હું તને પૂછું છું, તો હે સર્વજ્ઞ! અજાતશત્રુ યુધિષ્ઠિર શું કરવા ધારે છે તે બધું મને યથાવત્ કહે. ૩

**વિદુરજી બોલ્યા :** આપણે જેનો પરાભવ ન ઈચ્છતા હોઈએ, તેને તો વગર પૂછ્યે પણ હિતની વાત કહેવી; પછી ભલે તે વાત શુભ હોય કે અશુભ હોય, કે રુચિકર હોય કે અરુચિકર હોય.૪

આથી હે રાજા ! કૌરવોને હિતકારી, કલ્યાણકારી તેમજ ધર્મથી યુક્ત એવું વચન હું તમને કહું છું, તે તમે સાંભળો. ૫

હે ભારત ! જે કર્મો કપટ ભરેલાં હોય અને અયોગ્ય ઉપાયોથી સિદ્ધ થતાં હોય તે કર્મો વિશે તમે મન રાખશો નહિ. ૬

વળી ઉપાય વડે સિદ્ધ થાય તેવું કામ ઉપાયપૂર્વક કરતાં પણ સિદ્ધ થાય નહિ, તો બુદ્ધિમાન મનુષ્યે તે માટે મનમાં ખેદ લાવવો નહિ. ૭

પ્રયોજનવાળાં કાર્યોમાં પ્રથમ પ્રયોજનોની અપેક્ષા રાખવી અને તે પ્રયોજનોનો નિશ્ચય કર્યા પછી જ કાર્યનો આરંભ કરવો પણ આવેશથી સાહસ કામ કરવું નહિ. ૮

કામનાં પ્રયોજનનો, તેનાં પરિણામનો અને પોતાના ઉદ્યમનો સારી

પેઠે વિચાર કર્યા પછી જ ધીર પુરુષે તે કામ કરવું કે ન કરવું. ૯

જે રાજા પોતાનાં થાણાંઓ, નફો, તોટો, ભંડાર, દેશની સ્થિતિ અને દંડ એનાં નિશ્ચિત પ્રમાણને જાણતો નથી, તે રાજ્ય પર સ્થિર ટકી શક્તો નથી; પરંતુ જે રાજા ઉપર જણાવેલી બાબતોમાં શાસ્ત્રોક્ત પ્રમાણોને જાણે છે અને ધર્મ તથા અર્થ જાણવામાં તત્પર રહે છે, તે રાજ્ય ભોગવે છે. ૧૦,૧૧

પોતાને રાજ્ય મળ્યું છે એથી કંઈ ફાવે તેમ વર્તાય નહિ. વૃદ્ધાવસ્થા ઉત્તમ રૂપનો નાશ કરે છે તેમ અવિનય લક્ષ્મીનો નાશ કરેછે. ૧૨

જેમ ખાવાના ઉત્તમ પદાર્થથી લપેટેલી લોઢાની આંકડીને માછલું લોભથી ગળી જાય છે પણ તેને આગળ પાછળનો વિચાર રહેતો નથી. તેમ સુખની ઈચ્છા રાખનારાએ એવું જ ગળવું જોઈએ કે, જે સુખેથી ગળી શકાય એમ હોય, જે ગળ્યા પછી સારી રીતે પચે એમ હોય અને જે પરિણામે હિતકર હોય. ૧૩,૧૪

જે મનુષ્ય ઝાડનાં કાચાં ફળ તોડી લે છે તો તે ફળમાંથી રસ પામતો નથી; પરંતુ તે ઝાડનાં બીજનો પણ નાશ કરે છે. જે મનુષ્ય વખતસર વધીને પાકેલાં ફળને લે છે. તે ફળમાંથી રસ મેળવે છે અને વળી બીજમાંથી ફરી ફળ મેળવે છે. ૧૫,૧૬

જેમ ભમરો ફૂલોનું જતન કરીને તેમાંથી મધ લઈ લે છે, તેમ રાજાએ પ્રજાજનોને પીડા કર્યા વિના તેમની પાસેથી દ્રવ્ય મેળવવું. ૧૭

માળી બાગમાંનાં ઝાડો ઉપરથી ફળફૂલ વીણે છે પણ ઝાડનાં મૂળિયાં કાપતો નથી. આમ રાજાએ માળીની જેમ વર્તવું, પણ કોલસા પાડનારની જેમ ન જ વર્તવું. ૧૮

આ કામ કરવાથી મને શું ફળ મળશે ને આ ન કરવાથી મને શું ફળ મળશે ? એ પ્રમાણે વિચારીને પુરુષે કાર્ય કરવું કે ન કરવું. ૧૯

કેટલાંક કાર્યો સર્વદા આરંભ કરી શકાય એવાં હોતાં નથી, એટલે તે

સંબંધી કરેલો પુરુષાર્થ નિરર્થક જાય છે. આથી તેવાં કાર્યોનો આરંભ જ કરવો નહિ. ૨૦

સ્ત્રી જેમ નપુસંક પતિને ચાહતી નથી, તેમ જે રાજાની કૃપા અને ક્રોધ નિષ્ફળ છે, તે રાજાને પ્રજા ચાહતી નથી. ૨૧

કેટલાંક કામો થોડી મહેનતે મહાફળ આપે છે. ડાહ્યો મનુષ્ય તેવાં કામોનો ઝટ આરંભ કરે છે અને તેમાં અંતરાયો નાખતો નથી. ૨૨

જે રાજા સર્વ પ્રજા તરફ સરળ ને સ્નેહભરી દૃષ્ટિએ જુએ છે, તે શાંત બેસી રહે તો પણ પ્રજા તેના ઉપર પ્રીતિ રાખે છે. ૨૩

જે ઝાડ ફૂલથી ભરેલું હોય છતાં ફળરહિત હોય અને જે પાક્યું ન હોય છતાં પાકેલાં જેવું જણાતું હોય, તે ઝાડ કદી નાશ પામતું નથી. (અર્થાત્ રાજાએ પુષ્પવાળા વૃક્ષની માફક વાણી તથા નેત્રથી કૃપા દેખાડતા રહેવું; પણ સેવકને ધન આપીને વધારી દેવો નહિ. સફળ થવા છતાં એકદમ ફળ હાથમાં ન આવ્યું હોય તેવા થવું; અર્થાત્ એકદમ સેવકને વશ થઈ જવું નહિ અને પોતામાં બળ હોય નહિ છતાં બહારથી બળવાન જેવા દેખાવું. એટલે તેનો કદાપિ નાશ થતો નથી.) ૨૪

જે રાજા નેત્ર, મન, વાણી તથા કર્મ એ ચાર પ્રકારથી પ્રજાને પ્રસન્ન રાખે છે, તેના ઉપર પ્રજા રાજી રહે છે. ૨૫

પારધીથી જેમ મૃગો ત્રાસ પામે છે તેમ જે રાજાથી સઘળી પ્રજા ત્રાસ પામે છે તે રાજા સમુદ્રપર્યંતની પૃથ્વીનું રાજ્ય મેળવે તોપણ નાશ પામે છે.

જે રાજાને બાપદાદાના રાજ્યનો વારસો પ્રાપ્ત થયો હોય, છતાં જો તે અન્યાયથી વર્તતો હોય તો વાયુ જેમ વાદળોમાં મળી જઈને, તેનો નાશ કરે છે, તેમ તે રાજા પોતાનાં કર્મ વડે તે રાજ્યનો નાશ કરે છે.૨૭

પ્રથમથી જ જે રાજા સજ્જનોએ આચરેલા ધર્મ પ્રમાણે ચાલે છે; તેના રાજ્યકાળમાં પૃથ્વી ધનથી ભરપૂર અને ઐશ્વર્યને વધારનારી થઈને વૃદ્ધિ પામે છે; પરંતુ જો રાજા ધર્મનો ત્યાગ કરીને અધર્મથી વર્તે તો તે જ પૃથ્વી

અગ્નિમાં નાખેલા ચામડાની પેઠે સંકોચાઈ જાય છે. ૨૮,૨૯

શત્રુના દેશને પાયમાલ કરવામાં જે પ્રયત્ન કરવામાં આવે છે, તે જ પ્રયત્ન પોતાના દેશના રક્ષણ માટે કરવો જોઈએ. ૩૦

ધર્મથી રાજ્ય મેળવવું અને ધર્મથી તેનું પરિપાલન કરવું; કારણ કે ધર્મથી મેળવેલી લક્ષ્મી જતી નથી તેમ ઓછી પણ થતી નથી. ૩૧

જેમ પથરામાંથી સોનું કાઢી લેવામાં આવે છે તેમ સર્વમાંથી, ગાંડાના પ્રલાપમાંથી અને બાળકના બડબડાટમાંથી પણ સાર ગ્રહણ કરવો. ૩૨

શિલોંચ્છવૃત્તિથી જીવનારો ખેતરમાં પડેલાં ડૂંડાં વીણી લે છે, તેમ ધીર મનુષ્યે સુભાષિત, સૂક્તિ ને સદાચરણનો જ્યાં ત્યાંથી સંગ્રહ કરવો. ૩૩

ગાયો ગંધથી જુએ છે, બ્રાહ્મણો વેદથી જુએ છે, રાજાઓ દૂતો દ્વારા જુએ છે અને બીજા મનુષ્યો નેત્રથી જુએ છે. ૩૪

હે રાજન્ ! જે ગાય મહાપરાણે દોહવા દે છે, તેને બહુ માર પડે છે; પરંતુ જે ગાય સારી રીતે દોહવા દે છે, તેને કોઈ આંગળી સરખી પણ અડકાડતું નથી. ૩૫

જે તપાવ્યા વિના વળે છે, તેને કોઈ તપાવતું નથી; જે લાકડું પોતે જ વળેલું હોય છે, તેને વાળવા માટે કોઈ પ્રયત્ન કરતું નથી. ૩૬

આ દૃષ્ટાંત પ્રમાણે ડાહ્યા મનુષ્યે બળવાનને નમીને ચાલવું; કારણ કે જે બળવાનને નમે છે, તે બળના અધિષ્ઠાતા ઈંદ્રદેવને જ પ્રણામ કરે છે. ૩૭

પશુઓનો રક્ષક મેઘ છે. રાજાઓના સહાયક મંત્રીઓ છે, સ્ત્રીઓના સહાયક પતિઓ છે અને બ્રાહ્મણોના સહાયક વેદ છે. ૩૮

સત્યથી ધર્મનું રક્ષણ થાય છે, અભ્યાસથી વિદ્યાનું રક્ષણ થાય છે, સ્વચ્છતાથી રૂપનું રક્ષણ થાય છે ને સદ્‌વર્તનથી કુળનું રક્ષણ થાય છે. ૩૯

માપવાથી ધાન્યનું રક્ષણ થાય છે, પલોટવાથી ઘોડાનું રક્ષણ થાય છે. દેખભાળથી ગાયોનું રક્ષણ થાય છે અને જાડાં છતાં ઠાવકાં વસ્ત્રો

પહેરવાથી સ્ત્રીઓનું રક્ષણ થાય છે. ૪૦

મારું માનવું છે કે, સારા કુળમાં જન્મેલો મનુષ્ય પણ દુરાચારી હોય તો તે માન માટે યોગ્ય નથી; પણ નીચ કુળમાં જન્મેલો મનુષ્ય પણ જો સદાચારી હોય તો તે શ્રેષ્ઠ છે. ૪૧

જે મનુષ્ય પારકા ધનની, રૂપની, પરાક્રમની, કુળની, વંશની, સુખની, સૌભાગ્યની અને સન્માનની ઈર્ષ્યા કરે છે, તેને પાર વિનાની પીડા રહે છે. ૪૨

ન કરવા યોગ્ય કાર્ય કરવાથી, કરવા યોગ્ય કામોમાં આળસ કરવાથી અને કસમયે મસલત ફૂટી જવાથી ડરવું અને મદ (નશો) ચડે એવી ચીજોનું પાન કરવું નહિ. ૪૩

વિદ્યાનો મદ, ધનનો મદ અને ત્રીજો કુટુંબનો મદ, આ ત્રણે ગર્વિષ્ઠોને મદરૂપ છે, પણ એ જ સજ્જનોને ઈંદ્રિય નિગ્રહરૂપ છે.૪૪

સજ્જનોએ કોઈ કાર્યમાં કદાચ દુર્જનની સહાય માંગી હોય તો તે દુર્જન તરીકે પ્રસિદ્ધ છતાં, પોતાને સુજન માની લે છે. ૪૫

જ્ઞાનીઓનો આધાર સંતો છે, સંતોનો આધાર વિદ્વાન અથવા સત્પુરુષો છે, તેમ અસત્પુરુષોનો આધાર પણ સંત છે; પરંતુ સત્પુરુષોનો આધાર અસત્ પુરુષ કદી હોતો નથી. ૪૬

સારાં વસ્ત્રવાળો સભા જીતેછે, ગાયવાળો મિષ્ટ ભોજનની આશા સિદ્ધ કરેછે, વાહનવાળો માર્ગ જીતે છે ને શીલવાન મનુષ્ય સર્વને જીતે છે.

પુરુષમાં શીલ જ મુખ્ય છે, જેનું શીલ નાશ પામે છે, તેને જીવન, ધન અને બંધુઓનું શું પ્રયોજન છે? ૪૮

રાજન્ ! શ્રીમંતોના ભોજનમાં માંસ મુખ્ય હોય છે, મધ્યમોના ભોજનમાં ગોરસ મુખ્ય હોય છે ને દરિદ્રોના ભોજનમાં તેલ મુખ્ય હોય છે; પરંતુ દરિદ્રીઓ જ સર્વદા અતિ મધુર અન્ન ખાય છે; કારણ કે ભૂખ ભોજનમાં અમી લાવે છે અને તે ભૂખ શ્રીમંતોને બહુ દુર્લભ હોય છે.૫૦

હે રાજન્ ! સામાન્ય રીતે જગતમાં શ્રીમંતોમાં ખાવાની શક્તિ હોતી નથી અને દરિદ્રીઓને તો લાકડાં પણ પચી જાય છે. ૫૧

અધમોને પેટ ભરવાનો ભય રહે છે, મધ્યમ મનુષ્યોને મરણનો ભય હોય છે અને ઉત્તમ મનુષ્યોને અપમાનનો જ મોટો ભય હોય છે.૫૨

મદ્યપાન વગેરે જે મદો છે, તે સર્વ કરતાં ઐશ્વર્યનો મદ મહા નિંદિત છે; કારણ કે ઐશ્વર્યના મદથી છકી ગયેલો મનુષ્ય છેક પડયા વિના જાગ્રત થતો નથી. ૫૩

સૂર્યાદિ ગ્રહો જેમ નક્ષત્રોને તાપ આપે છે, તેમ વિષયોમાં પ્રવર્તતી નિગ્રહ વિનાની ઈંદ્રિયો આ લોકને તાપ આપે છે. ૫૪

જે મનુષ્ય આત્માને ખેંચી જનારા આ પાંચ ઈંદ્રિયવર્ગથી સહજ રીતે જિતાઈ જાય છે તેની આપત્તિઓ શુક્લપક્ષના ચંદ્રની પેઠે વૃદ્ધિ પામે છે.

જે રાજા પોતાના મનને વશ કર્યા વિના પોતાના અમાત્યોને વશ કરવા ઈચ્છે છે અને અમાત્યોને વશ કર્યા વિના શત્રુઓને જીતવાને ઈચ્છે છે, તે નિરુપાયે નાશ જ પામે છે. ૫૬

જે રાજા પ્રથમ પોતાના મનને જ શત્રુરૂપે માનીને જીતે છે. પછી અમાત્યોને ને શત્રુઓને જીતવા ઈચ્છે છે તેની વિજયેચ્છા વ્યર્થ જતી નથી. ૫૭

જિતેન્દ્રિય, મનોનિગ્રહી, અપરાધીને જ દંડ આપનારો ને વિચાર-પૂર્વક કામ કરનારો જે ધીર પુરુષ છે, તેને લક્ષ્મી સારી પેઠે સેવે છે.૫૮

રાજન્ ! પુરુષનું શરીર રથ છે, આત્મા સારથિ છે અને ઈંદ્રિયો ઘોડા છે, જેમ કેળવેલા સારા ઘોડાવાળા રથમાં બેસીને રથી સુખે પ્રયાણ કરે છે, તેમ સાવધાન ધીર પુરુષ, ઈંદ્રિયરૂપી ઘોડાઓને વશ રાખી સુખેથી આયુષ્ય પસાર કરે છે. ૫૯

પણ સ્વાધીન ન રહેનારા ઉદ્ધત ઘોડાઓ જેમ સારથિનો માર્ગમાં નાશ કરે છે, તેમ વશ ન રાખેલી એ ઈંદ્રિયો આત્માને પણ નાશ પમાડે છે. ૬૦

શુભમાં અશુભ અને અશુભમાં શુભ જોનારો મનુષ્ય પોતાની અવશ ઈંદ્રિયોને લીધે મહા દુઃખને પણ સુખ માની બેસે છે. ૬૧

જે મનુષ્ય ધર્મ તથા અર્થનો ત્યાગ કરીને ઈંદ્રિયોને વશ થાય છે, તે થોડા સમયમાં જ લક્ષ્મી, પ્રાણ, ધન તથા સ્ત્રીથી રહિત થાય છે.૬૨

અધિક ધનનો ધણી હોવા છતાં જે ઈંદ્રિયોનો નાથ નથી, તે ઈન્દ્રિયોની અવશતાને લીધે ઐશ્વર્યથી ભ્રષ્ટ થાય છે. ૬૩

મનુષ્યે મન, બુદ્ધિ અને ઈંદ્રિયોને નિયમમાં રાખીને બુદ્ધિ વડે આત્માને ઓળખવો; કારણ કે બુદ્ધિ જ આત્માનો બંધુ છે અને બુદ્ધિ જ આત્માનો શત્રુ છે. ૬૪

જે બુદ્ધિ વડે આત્મા જિતાય છે-ઓળખાય છે, તે બુદ્ધિ જ આત્માનો-જીવનો બંધુ છે. આ રીતે બુદ્ધિ જ જીવનો નિશ્ચિત બંધુ છે અને બુદ્ધિ જ તેનો નિશ્ચિત શત્રુ છે. ૬૫

બારીક છિદ્રવાળી જાળમાં પકડાયેલાં બે મોટાં માછલાંઓ જેમ જાળને કાપી નાખે છે, તેમ જ કામ અને ક્રોધ એ બંને બુદ્ધિમાં રહીને બુદ્ધિ (વિવેક)નો નાશ કરે છે. ૬૬

જે મનુષ્ય ધર્મ તથા અર્થને અનુસરીને વિજયનાં સાધનો એકઠાં કરે છે, તે સાધનસંપન્ન મનુષ્ય નિત્ય સુખ ભોગવે છે. ૬૭

જે રાજા ઈંદ્રિયરૂપી પાંચ અંતઃશત્રુઓને જીત્યા વિના બીજા બહારના શત્રુઓને જીતવાની ઈચ્છા રાખે છે, તેને શત્રુઓ પરાજિત કરે છે. ૬૮

મોટા મોટા રાજાઓ ઐશ્વર્યવિલાસના યોગથી તથા મોટા મોટા સાધુઓ તેમના કર્મોથી, ઈંદ્રિયોને વશ રાખવા અસમર્થ થઈને, અયોગ્ય કર્મો કરીને બંધનમાં પડેલા જણાય છે. ૬૯

સૂકાં લાકડાંની સાથે રહીને જેમ લીલું લાકડું પણ બળી જાય છે, તેમ પાપ કરનારાની સંગતિથી નિષ્પાપ મનુષ્યને પણ પાપીના જેટલી શિક્ષા થાય છે. આથી દુષ્ટ પુરુષોનો સંગ કરવો નહિ. ૭૦

જે મનુષ્ય શબ્દાદિક પાંચ વિષયોમાં આડે રસ્તે કૂદી પડનારા પાંચ ઇંદ્રિયોરૂપી પોતાના શત્રુઓને મોહને લીધે વશ રાખતો નથી, તે મનુષ્ય આપત્તિમાં સપડાઈ જાય છે. ૭૧

મત્સરરહિતપણું, સરળતા, શુદ્ધતા, સંતોષ, પ્રિયભાષણ, ઇંદ્રિય-નિગ્રહ, સત્યભાષણ અને સરલતા એ ગુણો દુરાત્માઓમાં હોતાં નથી.૭૨

ભારત ! આત્મજ્ઞાન, શાંતિ, સહનશક્તિ, ધર્મપરાયણતા, કામ પૂરતું જ બોલવું અને દાન, એ ગુણો નીચ મનુષ્યોમાં હોતા નથી.૭૩

મૂર્ખ લોકો કઠોર ભાષણ અને નિંદા કરીને પંડિતોને દુઃખ આપે છે; પરંતુ પંડિત ક્ષમા આપે છે, તેથી તે પાપથી મુક્ત રહે છે અને પાપ વક્તાને જ વળગે છે અને જ્ઞાતા પોતે પાપથી મુક્ત થાય છે.૭૪

દુર્જનોનું બળ હિંસા છે, રાજાઓનું બળ દંડવિધાન છે, સ્ત્રીઓનું બળ સેવા છે અને ગુણવાનોનું બળ ક્ષમા છે. ૭૫

હે મહારાજ ! વાણીને નિયમમાં રાખવી, એ અત્યંત કઠિન મનાય છે. તેમ ચમત્કારવાળું ને પ્રયોજનવાળું ઘણું બોલવું એ પણ શક્ય નથી.

રાજન્ ! વાણી સારી રીતે બોલાઈ હોય, તો તે અનેક કલ્યાણ આપે છે; પરંતુ તે જ જો ભૂંડી બોલાઈ હોય તો અનર્થ ઉપજાવે છે.૭૭

બાણોથી વીંધાયેલું અથવા કુહાડીથી કપાયેલું વન ફરીથી ઊગે છે; પરંતુ નિંદાભર્યાં ભૂંડાં વચનથી વીંધાયેલું મન કદી પ્રસન્ન થતું નથી. ૭૮

કર્ણિ, નાલિક, નારાચ વગેરે બાણોને શરીરમાંથી કાઢી શકાય છે, પણ કટુવાણીરૂપ બાણને બહાર કાઢી શકાતું નથી; કારણ કે તે હૃદયમાં ખૂંપી જાય છે. ૭૯

વાણીરૂપી બાણ મુખમાંથી નીકળે છે અને સચોટ સામાના મર્મમાં જ પેસી જાય છે અને તેનાથી ઘવાયેલો મનુષ્ય રાત્રિદિવસ શોક કરે છે; આથી ડાહ્યા મનુષ્યો એવાં વાગ્બાણ બીજા પર ન જ વાપરે.૮૦

દેવો જે પુરુષનો પરાભવ કરવા ઈચ્છે છે, તેની બુદ્ધિને તેઓ પ્રથમ હરે છે; એટલે તેને સર્વ કંઈ વિપરીત જ સૂઝે છે. ૮૧

જ્યારે વિનાશ થવાનો હોય છે, ત્યારે કલુષિત થયેલી બુદ્ધિમાં અન્યાય પણ ન્યાય જેવો ભાસે છે અને તે હૃદયમાંથી ખસતો નથી.૮૨

ભરતશ્રેષ્ઠ ! ઉપર જણાવ્યા પ્રમાણે તમારા પુત્રોની બુદ્ધિ વિપરીત થઈ ગઈ છે ને પાંડવોના વિરોધને લીધે તમે પણ તેમને ઓળખતા નથી.

મહારાજા ધૃતરાષ્ટ્ર ! તમારી આજ્ઞા પ્રમાણે વર્તનારા યુધિષ્ઠિર ત્રણે લોકના રાજા થાય તેવાં લક્ષણોવાળા છે; માટે તે જ રાજા થવા યોગ્ય છે.

ભાગ્યને લીધે તે તમારા સર્વ પુત્રો કરતાં શ્રેષ્ઠ છે, તેજ તથા બુદ્ધિથી તે યુક્ત છે અને ધર્મ તથા અર્થનાં રહસ્યોને તે જાણે છે.૮૫

હે રાજેન્દ્ર ! એ ધાર્મિકશ્રેષ્ઠ યુધિષ્ઠિર દયાળુપણાથી, કોમળતાથી તથા તમારે વિશેના વડીલપણાની બુદ્ધિથી બહુ ક્લેશો સહન કરે છે.૮૬

**વિદુરનીતિ : અધ્યાય બીજો સંપૂર્ણ.**

# અધ્યાય-૩

**ધૃતરાષ્ટ્ર બોલ્યા :** હે મહા બુદ્ધિમાન વિદુર ! તમે ફરીથી ધર્મ તથા અર્થવાળાં વચનો કહો; કારણ કે તમે આ સંબંધમાં અદ્‌ભુત ભાષણ કરો છો તે સાંભળીને મને તૃપ્તિ થતી નથી. ૧

**વિદુર બોલ્યા :** સર્વ તીર્થોમાં સ્નાન કરવું ને પ્રાણીમાત્રપર સમ દૃષ્ટિ રાખવી, એ બંને સમાન છે; અથવા સમદૃષ્ટિ કંઈક વિશેષ છે.૨

આથી હે રાજા ! તમે પોતાના પુત્રો (કૌરવો તથા પાંડવો) ઉપર નિત્ય સમદૃષ્ટિ રાખો. એથી આ લોકમાં ઉત્તમ કીર્તિ પામીને તમે મરણ પછી સ્વર્ગલોકમાં જશો. ૩

હે પુરુષશ્રેષ્ઠ ! જ્યાં સુધી આ લોકમાં મનુષ્યની પવિત્ર કીર્તિનું ગાન થાય છે, ત્યાં સુધી તે મનુષ્ય સ્વર્ગલોકમાં સન્માન પામે છે.૪

આ વિષયમાં કેશિની નામની કન્યાને પરણવા માટે વિરોચન તથા સુધન્વા વચ્ચે જે સંવાદ થયો હતો, તે પ્રાચીન ઈતિહાસ ઉદાહરણમાં કહેવાય છે. ૫

હે રાજન્ ! કેશિની નામની એક અનુપમ રૂપાળી કન્યા પોતાને શ્રેષ્ઠ પતિ મળે એ ઈચ્છાથી સ્વયંવરમંડપમાં આવી તે વખતે તેને મેળવવા ઈચ્છતો દૈત્યપુત્ર વિરોચન ત્યાં આવ્યો, ત્યારે કેશિનીએ તે દૈત્યેન્દ્રને આ પ્રમાણે પૂછ્યું. ૬,૭

**કેશિની બોલી :** હે વિરોચન ! બ્રાહ્મણો શ્રેષ્ઠ હશે કે દૈત્યો શ્રેષ્ઠ હશે ? જો બ્રાહ્મણો શ્રેષ્ઠ હોય, તો શા માટે સુધન્વા બ્રાહ્મણ પલંગ ઉપર ન બેસે ! અર્થાત્ હું સુધન્વા સાથે કેમ લગ્ન ન કરું ? ૮

**વિરોચન બોલ્યો :** હે કેશિની ! અમે પ્રજાપતિથી ઉત્પન્ન થયા છીએ, એટલે અમે સર્વથી શ્રેષ્ઠ છીએ. આ સર્વ લોક અમારા જ છે, એટલે

અમારી આગળ દેવો કોણ અને બ્રાહ્મણો કોણ ? ૯

**કેશિની બોલી :** હે વિરોચન ! આ જગાએ આપણે બંને રાહ જોઈએ, કાલે સવારે સુધન્વા અહીં આવશે તે વખતે તમને બંનેને હું એકઠા મળેલા જોઈશ. ૧૦

**વિરોચન બોલ્યો :** હે કલ્યાણિ ! તું કહે છે તેમ હું કરીશ. હે ભીરુ ! કાલે સવારે સુધન્વાને અને મને એકઠા મળેલા જોજે. ૧૧

**વિદુર બોલ્યા :** હે રાજશ્રેષ્ઠ ! તે રાત વીતી ગઈ અને બીજા દિવસનું સૂર્યમંડળ ઉદય પામ્યું; એટલે હે વિભુ ! જે સ્થાને વિરોચન કેશિનીની સાથે બેઠો હતો તે સ્થાને સુધન્વા આવી પહોંચ્યો. ૧૨

હે ભરતશ્રેષ્ઠ ! પછી સુધન્વા પ્રહ્લાદ પુત્ર વિરોચન તથા કેશિનીની પાસે ગયો. એ બ્રાહ્મણને આવેલા જોઈને કેશિની ઊભી થઈ, તેણે તેને આસન આપ્યું અને વળી પાદ્ય તથા અર્ધ્ય આપ્યાં. ૧૩

**સુધન્વા બોલ્યો :** હે પ્રહ્લાદ પુત્ર ! હું તારા સુવર્ણમય શ્રેષ્ઠ આસનનો માત્ર સ્પર્શ જ કરીશ; પણ તારા સમાન થઈને હું તારી સાથે એક આસન પર બેસીશ નહિ. ૧૪

**વિરોચન બોલ્યો :** હે સુધન્વા ! તને તો પાટલો, સાદડી અથવા દર્ભનું સારું આસન જ યોગ્ય છે, તું મારી સાથે એક આસન પર બેસવાને યોગ્ય પણ નથી ! ૧૫

**સુધન્વા બોલ્યો :** પિતા-પુત્ર સાથે બેસી શકે, બે બ્રાહ્મણ સાથે બેસી શકે, બે ક્ષત્રિય સાથે બેસી શકે, બે વૃદ્ધ વૈશ્ય એક આસને બેસી શકે અને બે શૂદ્ર એક આસન પર બેસી શકે; પરંતુ જુદી જાતિના બે વ્યક્તિઓ એક આસન ઉપર સાથે બેસી શકે નહિ. ૧૬

હું ઉચ્ચ આસને બેઠો હોઉં તે વખતે તારો પિતા મારા પગ આગળ નીચે બેસીને મારી સેવા કરે છે; પરંતુ તું હજી બાળક છે અને ઘરમાં લાડથી ઊછર્યો છે, તેથી તું કાંઈ જાણતો નથી. ૧૭

**વિરોચન બોલ્યો :** હે સુધન્વા ! સુવર્ણ, ગાય, ઘોડાં વગેરે જે ધન અમારા અસુરો પાસે છે, તે બધું શરતમાં મૂકીને આપણે બંને કોઈ જાણકાર પુરુષને એ વિષે પ્રશ્ન પૂછીએ (કે અમારા બંનેમાંથી કોણ શ્રેષ્ઠ છે?). ૧૮

**સુધન્વા બોલ્યો :** હે વિરોચન ! સુવર્ણ, ગાય, ઘોડા વગેરે તારી પાસે જ રાખ. આપણે બંને પ્રાણની શરત કરીને જે જાણકાર હોય તેને પ્રશ્ન પૂછીએ. ૧૯

**વિરોચન બોલ્યો :** આપણે બંને પ્રાણની શરત કરીને કોને પૂછવા જઈશું ? કારણ કે હું દેવોની આગળ તથા મનુષ્યોની આગળ કદી પણ ઊભો રહીશ નહિ. ૨૦

**સુધન્વા બોલ્યો :** આપણે પ્રાણની શરત કરીને તારા પિતાની આગળ જ જઈશું; કે એ પ્રહ્લાદ પોતાના પુત્રને માટે પણ કદી અસત્ય બોલશે નહિ. ૨૧

**વિદુર બોલ્યા :** આ પ્રમાણે ક્રોધે ભરાયેલા વિરોચન તથા સુધન્વા પ્રાણની શરત કરીને તે જ વખતે વિરોચનના પિતા પ્રહ્લાદ જ્યાં બેઠા હતા ત્યાં ગયા. ૨૨

**પ્રહ્લાદ (મનમાં) બોલ્યા :** અરે ! આજ સુધી જે કદી સાથે ચાલ્યા નથી તે આ બંને, ક્રોધ પામેલા બે ઝેરી સાપોની જેમ એક જ માર્ગે અહીં આવતા જણાય છે. (વિરોચનને પૂછે છે) તમે બંને પહેલાં કદી સાથે ફરતા ન હતા અને આજે આમ બંને સાથે કેમ ? હું તને પૂછું કે, સુધન્વાની સાથે તારે મૈત્રી થઈ છે કે શું ? ૨૩, ૨૪

**વિરોચન બોલ્યો :** મારે સુધન્વા સાથે મૈત્રી નથી પણ અમે બંનેએ પ્રાણની શરત કરી છે. માટે હે પ્રહ્લાદ ! હું સત્ય પૂછું છું, તમે પ્રશ્નનો મિથ્યા ઉત્તર આપશો નહિ. ૨૫

**પ્રહ્લાદજી બોલ્યા :** હે બ્રહ્મન્ ! તમે પૂજવા યોગ્ય છો. અરે ઓ !

કોઈ સુધન્વાને માટે જળ અને મધુપર્ક લાવો. મેં તેમને દાનમાં આપવા માટે સફેદ મોટી ગાય તાજી કરી રાખી છે. ૨૬

**સુધન્વા બોલ્યો :** હે પ્રહ્‌લાદજી ! જળ તથા મધુપર્ક તો મને માર્ગમાં જ અર્પણ થયાં છે પણ હું આ પ્રશ્ન કરું છું, તેનો તમે સત્ય ઉત્તર આપો. શું બ્રાહ્મણો શ્રેષ્ઠ છે કે વિરોચન ! ૨૭

**પ્રહ્‌લાદ બોલ્યા :** હે બ્રહ્મન્ ! એક તરફ મારો પુત્ર છે અને બીજી તરફ તમે સાક્ષાત્ અહીં બેઠા છો. આમ તમે બંને વિવાદ કરી રહ્યા છો, ત્યારે મારા જેવો શી રીતે આ પ્રશ્નનો ઉત્તર આપી શકે ? ૨૮

**સુધન્વા બોલ્યો :** હે બુદ્ધિમાન ! તમે ગાય તથા બીજું જે પ્રિય ધન હોય તે તમારા ઔરસ પુત્રને જ આપજો પણ તમારે વિવાદ કરતા અમને બંનેને સત્ય કહેવું જ જોઈએ. ૨૯

**પ્રહ્‌લાદ બોલ્યા :** હે સુધન્વા ! હું પૂછું છું કે, મનુષ્ય સત્ય ન બોલે અથવા અસત્ય જ કહે, તો તે મિથ્યાવાદીને શું દુઃખ પડે છે ? ૩૦

**સુધન્વા બોલ્યો :** જેના ઉપર શોકય આવી હોય એવી સ્ત્રીને, જુગારમાં સર્વસ્વ હારેલાને અને ભાર ઉપાડવાથી જેનું અંગ કળતું હોય તેને જેવી દુઃખમય રાત કાઢવી પડે છે, તેવી જ દુઃખમય રાત્રિ અન્યાય યુક્ત બોલનારને કાઢવી પડે છે. ૩૧

પોતાના નગરમાં જ કેદ પડેલો, ક્ષુધાથી વ્યાકુળ થયેલો અને આંગણા બહાર જ પુષ્કળ શત્રુઓ જોનારો જે દુઃખ પામે છે, તે દુઃખ ખોટો નિર્ણય આપનાર પામે છે. ૩૨

પશુને માટે ખોટું બોલનારો પોતાના પાંચ પૂર્વજોને નરકમાં નાખે છે. ગાયને માટે ખોટું બોલનારો દશ પૂર્વજોને નરકમાં નાખે છે. ઘોડાને માટે ખોટું બોલનારો સો પૂર્વજોને નરકમાં નાખે છે અને પુરુષને માટે ખોટું બોલનારો હજાર પૂર્વજોને નરકમાં નાખે છે. ૩૩

સોનાને માટે ખોટું બોલનારો થયેલા તથા થનાર વંશજોને નરકમાં

નાખે છે અને ભૂમિ તથા સ્ત્રી માટે ખોટું બોલનારો પોતાના સર્વસ્વનો નાશ કરે છે. આથી તમે ભૂમિ તથા સ્ત્રી માટે ખોટું બોલશો નહિ. ૩૪

**પ્રહ્‌લાદ બોલ્યા :** હે વિરોચન ! આ સુધન્વાના પિતા અંગિરા મારા કરતાં શ્રેષ્ઠ છે, સુધન્વા તારા કરતાં શ્રેષ્ઠ છે અને એની માતા તારી માતા કરતાં શ્રેષ્ઠ છે; માટે સુધન્વાએ તને જીત્યો છે. ૩૫

હે વિરોચન ! આ સુધન્વા તારા પ્રાણનો સ્વામી છે. હવે હે સુધન્વા! તમે મને વિરોચન પાછો આપો, એમ હું ઈચ્છું છું. ૩૬

**સુધન્વા બોલ્યો :** હે પ્રહ્‌લાદ ! તમે ધર્મનો સ્વીકાર કર્યો છે અને પુત્ર લોભને લીધે ખોટું બોલ્યા નથી, તેથી તમારો દુર્લભ પુત્ર હું તમને પાછો આપુ છું. હે પ્રહ્‌લાદ ! આ મેં આપ્યો તમારો પુત્ર વિરોચન ! મારી સમક્ષ જ. આ કુમારી કેશિનીના પગ ધુઓ. (હળદરથી પગ ધોઈ લગ્ન કરો.)

**વિદુર બોલ્યા :** માટે હે રાજેન્દ્ર ! તમારે પૃથ્વીને માટે જૂઠું બોલવું યોગ્ય નથી, પુત્રને માટે અસત્ય બોલીને તમે પુત્રો તથા અમાત્યોની સાથે નાશ ન પામશો. ૩૯

દેવો કંઈ ગોવાળોની પેઠે હાથમાં લાકડી લઈને રક્ષણ કરતા નથી પણ તેઓ તો જેનું રક્ષણ કરવા ઈચ્છે છે, તેની બુદ્ધિમાં તેઓ વધારો કરે છે. ૪૦

પુરુષ જેમ જેમ શુભ કર્મો કરવામાં મન જોડે છે તેમ તેમ તેના સર્વ મનોરથો સિદ્ધ થાય છે, એમાં સંશય નથી. ૪૧

કપટથી કર્મ કરનારા કપટી મનુષ્યોને વેદો પાપથી તારતા નથી પણ પાંખ આવેલાં પક્ષીઓ જેમ માળાને છોડી જાય છે, તેમ એ વેદો કપટી મનુષ્યને અંતકાળે છોડી જાય છે. ૪૨

મદિરાપાન, કલેશ, ઘણા સાથે વેર, પતિપત્ની વચ્ચે વિયોગ પડાવવો, જ્ઞાતિમાં ભેદ પડાવવો, રાજાના શત્રુની સંગતિ, સ્ત્રીપુરુષનો કલેશ અને નિંદાપાત્ર માર્ગ-એ છોડી દેવાં, એમ વિદ્વાનો કહે છે.૪૩

જે હાથની રેખા જોવાનો ધંધો કરતો હોય, જે પહેલાં ચોર હોય પણ પાછળથી વેપારી બન્યો હોય, જે સળી અથવા પાસાથી શુકન કહીને ધૂતી ખાતો હોય, જે વૈદ્ય હોય, શત્રુ હોય, મિત્ર હોય અને જે ભાંડભવૈયો હોય, એ સાતને સાક્ષીમાં લેવા નહિ. ૪૪

આદરથી કરવામાં આવેલા અગ્નિહોત્ર, ધ્યાન, અધ્યયન અને યજ્ઞ આ ચાર અભય આપનારાં છે; પરંતુ એ ચાર જો ઊલટી રીતે દંભથી અથવા માનની લાલસાથી કરવામાં આવ્યાં હોય, તો તે દુઃખ આપનારાં થાય છે. ૪૫

ઘર બાળનાર, ઝેર દેનાર, ભગભક્ષક (ભડવો), સોમરસ વેચનાર, શસ્ત્રો બનાવનાર, નક્ષત્ર સૂચવનાર અથવા ચાડિયો, મિત્રદ્રોહી, પરસ્ત્રીનો સંગ કરનાર, ગર્ભની હત્યા કરનારો, ગુરુની સ્ત્રી સાથે ગમન કરનાર, બ્રાહ્મણ હોઈને મદ્યપાન કરનાર, અતિ ક્રૂર, ઘારમાં ચાંચો મારનાર, કાગડાની પેઠે બીજાને દુઃખમાં વધારે દુભાવનાર, નાસ્તિક, વેદની નિંદા કરનાર, ગામોટ રાજાએ આપેલી આજીવિકાના પ્રતાપે લાંચ રુશ્વત લેનાર, વ્રાત્ય (જેનો જનોઈ દેવાનો સમય જતો રહ્યો હોય તે), ક્રૂર અને જે પોતે સમર્થ છતાં તથા 'મારું રક્ષણ કર' એમ કહેવા છતાં મારી નાખે તે, આ સર્વ બ્રહ્મહત્યા કરનારના જેવા પાતકી છે. ૪૬-૪૮

તરણાના અગ્નિથી અંધારામાં રહેલી વસ્તુ જણાય છે, વર્તન ઉપરથી મનુષ્યની ધાર્મિકતા પરખાય છે, વ્યવહારથી તેની સાધુતા વરતાય છે. શૂરાની પરીક્ષા ભયને પ્રસંગે થાય છે, ધીરજની પરીક્ષા આર્થિક આપત્તિમાં થાય છે, મિત્રોની ને શત્રુઓની પરીક્ષા આપત્તિમાં થાય છે. ૪૯

વૃદ્ધાવસ્થા રૂપને હરે છે, આશા ધૈર્યને હરે છે, મૃત્યુ પ્રાણને હરે છે, દોષ જોવાની આદત ધર્માચરણને હરે છે, ક્રોધ લક્ષ્મીને હરે છે, નીચની સેવા શીલને હરે છે, કામ લજ્જાને હરે છે ને અભિમાન સર્વસ્વને હરી લે છે.

લક્ષ્મી મંગળ કાર્યો કરવાથી ઉત્પન્ન થાય છે, પ્રૌઢતાથી વધે છે. ડહાપણથી સ્થાયી થાય છે અને ઈંદ્રિયોને વશ કરવાથી સંયમથી સ્થિર થાય છે. ૫૧

બુદ્ધિ, કુલીનતા, ઈંદ્રિયનિગ્રહ, શાસ્ત્રજ્ઞાન, પરાક્રમ, માપસર ભાષણ, યથાશક્તિ દાન ને કૃતજ્ઞતા આ આઠ ગુણો પુરુષને દીપાવે છે.

હે તાત ! એક ગુણ આ મહાન મહિમાવાળા આઠ ગુણોનો બલપૂર્વક આશ્રયરૂપ છે. રાજા જ્યારે મનુષ્યને સત્કારે છે, ત્યારે આગલા રાજસન્માનરૂપી એ ગુણ સર્વ ગુણોને શોભાવે છે. ૫૩

હે મહારાજ ! મનુષ્ય લોકમાં(યજ્ઞ, દાન, અધ્યયન, તપ, ઈંદ્રિય-નિગ્રહ, સત્ય, સરળતા અને અક્રૂરતા) આ આઠ ગુણો સ્વર્ગલોક આપનારા છે. એમાંના ચાર ગુણો સત્પુરુષોમાં સ્વાભાવિક હોય છે અને બીજા ચાર ગુણોને સત્પુરુષો અનુસરે છે. ૫૪

યજ્ઞ, દાન, અધ્યયન અને તપ આ ચાર સત્પુરુષો જોડે નિત્ય જોડાયેલાં છે; ત્યારે ઈંદ્રિયનિગ્રહ, સત્ય, સરળતા તથા દયાળુતા આ ચારને સજ્જનો અનુસરે છે. ૫૫

યજ્ઞ, અધ્યયન, દાન, તપ, સત્ય, ક્ષમા, દયા અને ઉદારતા આ આઠ પ્રકારે ધર્મનો માર્ગ કહેવામાં આવ્યો છે. ૫૬

એમાંના પ્રથમના ચારનો તો દંભને માટે પણ સેવન કરાય છે અને પાછલા ચારનો ધર્મ મહાત્મા સિવાય બીજામાં રહેતો નથી. ૫૭

જેમાં વૃદ્ધો નથી તે સભા નથી, જે ધર્મ કહેતા નથી તે વૃદ્ધો નથી, તે ધર્મ નથી જેમાં સત્ય નથી અને છળથી મુક્ત નથી તે ધર્મ નથી.૫૮

સત્ય, સૌમ્યરૂપ, શાસ્ત્રાભ્યાસ, દેવોપાસના, કુલીનતા, શીલ, બળ, ધન, શૌર્ય અને યુક્તિયુક્ત વચન આ દશ સ્વર્ગના હેતુ છે. ૫૯

પાપકીર્તિવાળો મનુષ્ય પાપ કરીને પાપનું જ ફળ ભોગવે છે અને પુણ્યકીર્તિવાળો મનુષ્ય પુણ્ય કરીને અત્યંત પુણ્યને જ ભોગવે છે. ૬૦

તેથી સદાચારી પુરુષે પાપ કરવું નહિ. વારંવાર કરવામાં આવેલું પાપ બુદ્ધિનો નાશ કરે છે. ૬૧

એમ બુદ્ધિરહિત થયેલો પુરુષ નિત્ય પાપકર્મ જ કર્યા કરે છે, ત્યારે વારંવાર કરવામાં આવેલું પુણ્ય બુદ્ધિની વૃદ્ધિ કરે છે. ૬૨

આમ વિશાળ બુદ્ધિવાળો પુરુષ નિત્ય પુણ્યકર્મ જ કર્યા કરે છે. પુણ્ય કરનારો પુરુષ પુણ્યકીર્તિ રળીને પુણ્ય સ્થાનમાં જ જાય છે. તેથી પુરુષે સાવધાન થઈને સત્કર્મનું જ સેવન કરવું. ૬૩

ઈર્ષ્યાળુ, બીજાના મર્મને દુઃખ આપનારા, અપ્રિય વાણીવાળો, વેરકર્તા અને શઠ એ મનુષ્યો પાપાચરણ કરવાથી થોડા સમયમાં જ મોટું દુઃખ પામે છે. ૬૪

જે ઈર્ષ્યારહિત છે અને સમજદાર છે. તે સર્વદા સારાં કામો કરવાને લીધે મહાન કષ્ટ પામતો નથી અને સર્વદા દીપી રહે છે. ૬૫

જે વિદ્વાનો પાસેથી ડહાપણ જ મેળવે છે, તે પંડિત છે; કારણ કે તે ડાહ્યો મનુષ્ય ધર્મ તથા અર્થ સંપાદન કરીને સુખપૂર્વક જીવન ગાળે છે.

જે કામ કરવાથી રાત્રે સુખે રહેવાય, તે કામ દિવસે જ કરી લેવું. જે કામ કરવાથી ચોમાસાના ચાર મહિનામાં સુખે રહેવાય, તે કામ આગલા આઠ મહિનામાં જ કરી લેવું. ૬૭

ઊતરતી વય પ્રાપ્ત થતાં જે કાર્ય કરવાથી સુખે રહેવાય તે કાર્ય આગલી વયમાં જ કરી લેવું પણ જે કામથી મૃત્યુ પછી સુખ સાંપડે તે કામ તો આખા જીવન સુધી કર્યા જ કરવું. ૬૮

ડાહ્યા મનુષ્યો સારી રીતે પચેલા અન્નની, જુવાનીને ઓળંગી ગયેલી પત્નીની, સંગ્રામમાં વિજયને વરી આવેલા શૂરવીરની અને તત્ત્વના પારને પામેલા તપસ્વીની પ્રશંસા કરે છે. ૬૯

જે મનુષ્ય અધર્મથી મળેલા ધનથી પોતાનું છિદ્ર ઢાંકવા જાય છે, તેનું તે છિદ્ર ઢંકાતું તો નથી ઊલટું તેનું બીજું છિદ્ર ઉઘાડું પડે છે. ૭૦

ગુરુ જિતેંદ્રિયોના શાસક છે, રાજા દુરાત્માઓનો શાસક છે અને યમરાજ (સૂર્યપુત્ર) ગુપ્ત પાપીઓના શાસક છે. ૭૧

ઋષિઓનું, નદીઓનું અને મહાત્માઓનું કુળ અને સ્ત્રીઓનાં દુશ્ચરિત્રનું મૂળ જાણી શકાતું નથી. ૭૨

હે રાજન્ ! બ્રાહ્મણોની પૂજા કરવામાં તત્પર, દાતા, પોતાની જ્ઞાતિના લોકો સાથે સરળતાથી વર્તનાર અને શીલસંપન્ન ક્ષત્રિય લાંબા કાળ સુધી રાજ્ય કરે છે. ૭૩

શૂરો, વિદ્વાન તથા સેવા કરી જાણનારો આ ત્રણ પુરુષો સુવર્ણનાં પુષ્પોવાળી પૃથ્વીનાં સુવર્ણ પુષ્પો વીણી લે છે. ૭૪

હે ભારત ! બુદ્ધિથી સાધ્ય થતાં કામો શ્રેષ્ઠ છે. બાહુબળથી સાધ્ય થતાં કામો મધ્યમ છે, કપટ વડે સાધ્ય થતાં કામો અધમ છે અને સંકટથી થતાં કામો અધમાધમ છે. ૭૫

હે રાજા ! દુર્યોધન, શકુનિ, મૂર્ખ દુઃશાસન તથા કર્ણને રાજ્યભાર સોંપીને તમે કેવી રીતે ઐશ્વર્યની ઈચ્છા રાખો છો ? ૭૬

હે ભરતશ્રેષ્ઠ ! પાંડવો સર્વ ગુણોથી સંપન્ન છે અને તમારા પ્રત્યે પિતૃદૃષ્ટિ રાખીને વર્તે છે તો તમે તેમના પ્રત્યે પુત્રદૃષ્ટિ રાખીને વર્તો.૭૭

**વિદુરનીતિ : અધ્યાય ત્રીજો સંપૂર્ણ.**

# અધ્યાય-૪

**વિદુર બોલ્યા :** હે રાજન્ ! આ સંબંધમાં આત્રેય અને સાધ્યદેવોના સંવાદનો એક પુરાતન ઈતિહાસ ઉદાહરણરૂપે કહેવામાં આવે છે, એવું અમે સાંભળ્યું છે. ૧

પૂર્વ હંસ (પરિવ્રાજક) રૂપે ફરતા ઉત્તમ વ્રતવાળા તથા મહા બુદ્ધિમાન એવા મહર્ષિ દત્તાત્રેયની પાસે જઈને સાધ્યદેવોએ પ્રશ્ન કર્યો હતો. ૨

**સાધ્યદેવો બોલ્યા :** હે મહર્ષિ ! અમે સાધ્યદેવો છીએ. તમને જોઈને તમે અમુક છો એવું અમે અનુમાન કરી શકતા નથી. તમે શાસ્ત્રજ્ઞાન વડે ધીર તથા બુદ્ધિમાન છો, એમ અમે માનીએ છીએ. આથી તમે અમને વિદ્વાનનાં લક્ષણને કહેનારી ઉદાર વાણી કહેવાને યોગ્ય છો.૩

**હંસ બોલ્યા :** હે દેવો ! ધૈર્ય રાખવું, ઈંદ્રિયનિગ્રહ રાખવો, સત્ય-પરમાત્માના સાક્ષાત્કાર માટે ધ્યાન, ધારણા તથા સમાધિ આદિ ધર્મોનું અનુસરણ કરવું, હૃદયની સર્વ ગાંઠોને શિથિલ કરવી, પ્રિય તથા અપ્રિય (સુખદુઃખ)ને આત્મામાં લય પમાડવાં, એ કરવા યોગ્ય કાર્યો છે; એમ મેં ગુરુના મુખથી સાંભળ્યું છે. ૪

કોઈ ગાળો દે તો પણ તેને સામી ગાળ દેવી નહિ; આમ જે ગાળને સહન કરે છે, તેનો રોકેલો ક્રોધ જ ગાળ દેનારને બાળી મૂકે છે; તેમ તેના પુણ્યને પ્રતાપે થાય છે. ૫

કોઈને ગાળ દેવી નહિ, કોઈનું અપમાન કરવું નહિ, મિત્રોનો દ્રોહ કરવો નહિ, નીચની સેવા કરવી નહિ, અભિમાની થવું નહિ, હીન

આચરણ કરવું નહિ અને કઠોર તથા દોષભરી વાણી બોલવી નહિ. ૬

આ લોકમાં અપ્રિય વાણી મનુષ્યોનાં મર્મસ્થાનોને, હાડકાંને, હૃદયને અને પ્રાણને સુદ્ધાં બાળી મૂકે છે; માટે ધર્મપ્રિય પુરુષે ઉદ્ધત અને કઠોર વાણીનો નિત્ય ત્યાગ જ કરવો. ૭

જે મનુષ્ય મર્મને ભેદનારી ક્રૂર તથા કઠોર વાણીરૂપી કાંટા વડે મનુષ્યોને પીડા કરે છે, તેને મનુષ્યોમાં મહા હતભાગી સમજવો અને તે પોતાને મોઢે મેલું બાંધીને વહે છે એમ જાણવું. ૮

સામો માણસ કોઈ સજ્જનને અગ્નિ તથા સૂર્ય જેવાં અત્યંત તીક્ષ્ણ અને પ્રદિપ્ત વાગ્બાણોથી અતિશય વીંધી નાખે તો પણ તે વિદ્વાન તો આમ વીંધાયા છતાં અને આમ અતિશય દાહ લાગ્યા છતાં એમ જ જાણે કે આ તો મારા પુણ્યમાં વધારો કરે છે. ૯

વસ્ત્ર જેવા રંગનો સંગ કરે છે તેવા રંગવાળું તે થાય છે, તેમ મનુષ્ય પણ સાધુ, અસાધુ, તપસ્વી તથા ચોર એ પૈકી જેની સંગતિ કરે છે. તેના જેવો થાય છે. ૧૦

કોઈ મર્યાદા ઓળંગીને વાદ કરે તો પણ જે તેની સાથે વાદ કરતો નથી તેમજ બીજાને વાદ કરવા ઉશ્કેરાતો નથી; કોઈ મારી જાય તોય તેને સામો મારતો નથી તેમજ બીજા પાસે મરાવતો નથી અને જે પાપીને હણવા ઈચ્છાતો નથી દેવો પણ તેના આગમનની સ્વર્ગમાં રાહ જુએ છે. ૧૧

બોલવા કરતાં મૌન રાખવું એ શ્રેષ્ઠ કહ્યું છે; મૌન કરતાં સત્ય બોલવું તે શ્રેષ્ઠ છે. તે કરતાં સત્ય તથા પ્રિય બોલવું એ વધુ શ્રેષ્ઠ છે અને તે કરતાં ધર્માનુરૂપ બોલવું સૌથી શ્રેષ્ઠ છે. ૧૨

પુરુષ જેવાની સાથે બેસે છે, જેવાની સેવા કરે છે અને જેવો થવા ઈચ્છે છે, તેવો થાય છે. ૧૩

પુરુષ જે જે વિષયથી દૂર થાય છે, તે તે વિષયનાં દુઃખથી તે મુક્ત

થાય છે, એ પ્રકારે સર્વ વિષયથી મુક્ત થતાં તેને લગાર પણ દુઃખ રહેતું નથી. ૧૪

એવા પુરુષનો કોઈ પરાજય કરતું નથી, તેમ એ કોઈનો પરાજય કરવા ઈચ્છતો નથી. કોઈની સાથે એ વેર કરતો નથી, તેમ કોઈનો એ નાશ કરતો નથી. એ નિંદા અને સ્તુતિમાં સમાનભાવ રાખે છે. એ શોક કરતો નથી અને હર્ષ પણ કરતો નથી. ૧૫

જે સર્વનું કલ્યાણ ઈચ્છે છે અને કોઈના અકલ્યાણની કલ્પના સરખી કરતો નથી, જે સત્ય બોલે છે, કોમળ ભાવ રાખે છે અને ઈંદ્રિયોને વશ રાખે છે તે ઉત્તમ પુરુષ છે. ૧૬

જે મિથ્યા સાંત્વન આપતો નથી, આપવા કહેલી વસ્તુ આપે છે અને બીજાનાં છિદ્રને જાણે છે, તે મધ્યમ પુરુષ છે. ૧૭

જેને મહાપરાણે પણ ઉપદેશ લાગતો નથી. જે માર ખાનારો છે, શસ્ત્રોથી ઘવાતાં છતાં જે ક્રોધને લીધે પાછો ફરતો નથી. જે કૃતઘ્ની છે, જે કોઈનો પણ મિત્ર નથી અને જે દુષ્ટ અંતઃકરણવાળો છે તે પુરુષ અધમ વૃત્તિવાળો કહેવાય છે. ૧૮

જે કલ્યાણને માટે શ્રેષ્ઠ પુરુષો પર શ્રદ્ધા રાખતો નથી, જેને પોતાના પર વિશ્વાસ નથી તથા જે મિત્રોનો પણ અનાદર કરે છે; તે અધમ પુરુષ છે. ૧૯

જે મનુષ્યને પોતાની ચડતીની ઈચ્છા હોય, તેણે ઉત્તમ પુરુષોની જ મૈત્રી કરવી. સંજોગવશાત્ મધ્યમોની સંગતિ કરવી પણ ક્યારેય અધમ પુરુષોની સંગતિ તો કરવી જ નહિ. ૨૦

મનુષ્યને દુષ્ટ બળ વડે, બુદ્ધિની યુક્તિ વડે તથા પુરુષાર્થ વડે ધન મળે છે ખરું; પરંતુ તેથી તે સારી પ્રશંસા પામતો નથી તેમજ મહા કુલીનોના આચારને પ્રાપ્ત થતો નથી. ૨૧

**ધૃતરાષ્ટ્ર બોલ્યા :** બહુશ્રુત તથા ધર્મ અને અર્થમાં નિષ્ઠાવાળા દેવો પણ મહાકુળોની સ્પૃહા કરે છે; માટે હે વિદુર ! હું તને પૂછું છું કે, મહાકુળ કોને કહેવાય ? ૨૨

**વિદુર બોલ્યા :** તપ, ઈંદ્રિયજય, વેદનું અધ્યયન તથા અધ્યાપન, યજ્ઞકર્મો, પવિત્ર વિવાહો, હંમેશાં અન્નદાન તથા સદાચાર આ સાત ગુણો જે કુળોમાં હોય છે, તે મહાકુળો (ઉત્તમ) જાણવાં. ૨૩

જેમનું સદાચરણ ચલિત થતું નથી, જેમનું આચરણ માતાપિતાને દુઃખી કરતું નથી, જેઓ પ્રસન્નચિત્તથી ધર્માચરણ કરે છે, કુળની કીર્તિ વધારવા ઈચ્છે છે અને અસત્યનો ત્યાગ કરે છે, તેઓને મહાકુલીન જાણવા. ૨૪

યજ્ઞયાગ ન કરવાથી, અયોગ્ય વિવાહ કરવાથી, વેદનું અધ્યયન ન કરવાથી અને ધર્મનું ઉલ્લંઘન કરવાથી, સારાં(ગણાતા) કુળો પણ દુષ્ટ કુળો થઈ જાય છે. ૨૫

દેવદ્રવ્યના વિનાશથી, બ્રાહ્મણનું દ્રવ્ય હરણ કરવાથી અને બ્રાહ્મણનું અપમાન કરવાથી મહા કુળો પણ નીચ કુળ થઈ જાય છે. ૨૬

હે ભારત ! બ્રાહ્મણોનો તિરસ્કાર કરવાથી, તેમની નિંદા કરવાથી તેમ જ થાપણ ઓળવવાથી સારાં કુળો પણ હલકાં થઈ જાય છે.૨૭

જે કુળો પુરુષો, ઢોરઢાંખર તથા ધનથી સંપન્ન હોય, છતાં જો સદાચાર(સ્વધર્મ)થી રહિત હોય, તો તે કુળો ઉચ્ચ કુળોની ગણનામાં રહેતાં નથી. ૨૮

જે કુળો અલ્પ ધનવાળાં હોવા છતાં સદાચારથી સંપન્ન છે, તે ઉચ્ચ કુળની ગણનામાં ગણાય છે અને મોટો યશ પામે છે. ૨૯

સદાચારનું યત્નથી સદૈવ સંરક્ષણ કરવું. ધન તો આવે છે અને જાય છે. ધનથી ક્ષીણ થયેલો મનુષ્ય ક્ષીણ થયેલો ગણાતો નથી પણ સદ્-

વર્તનથી ભ્રષ્ટ થયેલો તો સદાનો મૂઓ જ જાણવો. ૩૦

જે કુળો સદ્‌વર્તનથી હીન થઈ ગયાં છે, તે કુળો ફરી વિદ્યાઓથી, પશુઓથી, ઘોડાઓથી અથવા સારી સમૃદ્ધિયુક્ત ખેતીથી પણ ઉન્નતિ કરી શકતાં નથી. ૩૧

અમારા કુળમાં કોઈ વેર કરનાર ન થાઓ. પરદ્રવ્યને હરણ કરનારો રાજા અથવા અમાત્ય ન થાઓ. મિત્રદ્રોહી ન થાઓ. પરદ્રવ્યને હરણ કરનારો રાજા અથવા અમાત્ય ન થાઓ. કપટી ન થાઓ, ખોટું બોલનારો ન થાઓ અને પિતૃ, દેવતા તથા અતિથિને ભાગ આપ્યા પહેલાં જમનારો કોઈ ન થાઓ ! ૩૨

અમારામાંથી જે કોઈ બ્રાહ્મણોની હિંસા કરનારો હોય, બ્રાહ્મણોનો દ્વેષ કરનારો હોય અને પિતૃઓને પિંડદાન તથા તર્પણ કરનારો ન હોય તે અમારી સભામાં ન આવે. ૩૩

અતિથિને બેસવા માટે ઘાસની ચટાઈ, ઉતારા માટે જમીન, પીવા માટે પાણી અને સત્ય મધુર વાણી આ વસ્તુઓ સજ્જનોનાં ઘરોમાંથી કદી ઉચ્છેદ પામતી નથી. ૩૪

હે મહા જ્ઞાની રાજા ! ધર્મિષ્ઠ તથા પુણ્યકર્મવાળાં મનુષ્યોને ત્યાં સત્કાર કરવાની એ વસ્તુઓ પરમ શ્રદ્ધા વડે પ્રાપ્ત થાય છે. ૩૫

હે રાજા ! આ સ્યંદન નામનું ઝાડ નાનું છે, છતાં ભાર ઉપાડવામાં સમર્થ છે, તેમ બીજાં ઝાડ ભાર ઉપાડી શકતાં નથી, તે જ પ્રમાણે મહા કુલીન પુરુષો આવનાર પરોણાઓનો ભાર સારી રીતે ઉઠાવી લે છે, બીજા મનુષ્યો તે પ્રમાણે કરી શકતા નથી. ૩૬

જે મિત્રના કોપની બીક લાગે છે ને મિત્રની સાથે શંકાપૂર્વક વર્તવું પડે છે. તે મિત્ર કહેવાતો નથી પણ જે મિત્ર સાથે પિતાની જેમ વિશ્વાસથી વર્તી શકાય છે તે જ મિત્ર છે, બીજા તો માત્ર સંબંધવાળા છે. ૩૭

જે કોઈ આપણી સાથે પહેલાં સંબંધ ન હોય છતાં પણ મિત્રભાવથી વર્તે છે તે જ બંધુ છે, તે જ મિત્ર છે, તે જ આધાર છે ને ગતિરૂપ છે.૩૮

જે પુરુષનું ચિત્ત ચંચળ છે, જે વૃદ્ધોની સેવા કરતો નથી ને જેની બુદ્ધિ ઝોલાં ખાતી હોય છે તે પુરુષના મિત્રો નિત્ય અસ્થિર હોય છે.૩૯

હંસો જેમ સુકાએલા સરોવરને છોડી જાય છે, તેમ લક્ષ્મી ચંચળ ચિત્તવાળા, મૂર્ખ તથા ઈંદ્રિયોના દાસ થયેલા પુરુષને છોડી જાય છે.૪૦

દુર્જનોનો આ સ્વભાવ વાદળાં જેવો ચંચળ છે; તેઓ વિના કારણે કોપી ઊઠે છે અને વિના કારણે રીઝી ઉઠે છે. ૪૧

મિત્રોએ પોતાનો સત્કાર કર્યો હોય તથા કામ કરી આપ્યાં હોય; છતાં જેઓ તે મિત્રોનું હિત કરતા નથી, તેઓ કૃતઘ્ની છે. તેઓ જ્યારે મરી જાય છે ત્યારે માંસભક્ષક પ્રાણીઓ પણ તેમનાં શબને ખાતાં નથી. ૪૨

પોતાની પાસે ધન હોય કે ન હોય તો પણ ઉદાર મનુષ્ય મિત્રોનો સત્કાર કરે છે પણ તેનો સાર મેળવવા ભેદ જાણવાની ઈચ્છા કરતો નથી. ૪૩

સંતાપથી રૂપ નાશ પામે છે સંતાપથી બળ નાશ પામે છે, સંતાપથી જ્ઞાન નાશ પામે છે અને સંતાપથી રોગની પ્રાપ્તિ થાય છે.૪૪

શોકથી ઈષ્ટ વસ્તુઓ પ્રાપ્ત થતી નથી, શરીરે બળતરા ઊઠે છે ને શત્રુઓ અતિશય ખુશ થાય છે; માટે તમે શોકમાં મન લગાડશો નહિ.૪૫

મનુષ્ય મરે છે અને ફરી જન્મે છે. મનુષ્ય ક્ષીણ થાય છે અને ફરી વૃદ્ધિ પામે છે. મનુષ્ય યાચના કરે છે અને ફરી બીજા તેની પાસે યાચના કરે છે અને વળી મનુષ્ય બીજાનો શોક કરે છે તથા બીજાઓને પોતાનો શોક કરાવે છે. ૪૬

સુખ-દુઃખ, ચડતી-પડતી, લાભ-હાનિ અને જન્મ-મરણ, આ જોડકાં અનુક્રમે સર્વને પ્રાપ્ત થાય જ છે; માટે ધીર મનુષ્યે તે સંબંધી ન તો હર્ષ માનવો કે ન તો શોક પણ કરવો. ૪૭

(પાંચ જ્ઞાનેંદ્રિયો અને છઠ્ઠું મન)- એ છ ઈંદ્રિયો ચંચળ છે. તેમાંથી જે જે ઈંદ્રિય જેમ જેમ વિષયોમાં આસક્ત થાય છે, તેમ તેમ તે તે ઈંદ્રિયો દ્વારા પુરુષની બુદ્ધિ પાણી ભરેલા કાંણાં ઘડામાંથી પાણીની પેઠે નિત્ય ઝરી જાય છે. ૪૮

**ધૃતરાષ્ટ્ર બોલ્યા :** લાકડામાં રૂંધાયેલા અગ્નિની પેઠે સૂક્ષ્મ ધર્મથી રૂંધાયેલા યુધિષ્ઠિર રાજા સાથે મેં કપટથી વર્તન કર્યું છે, તેથી તે યુદ્ધ કરીને મારા મૂર્ખ પુત્રોનો અંત આણશે. ૪૯

જેમ આ સર્વ જગત ઉદ્વેગમાં રહે છે, તેમ મારું મન પણ નિત્ય ઉદ્વેગમાં રહે છે; માટે હે મહામતિ ! જે વાક્યોથી મારું મન પ્રસન્ન થાય તેવું તું મને કહે. ૫૦

**વિદુર બોલ્યા :** હે નિષ્પાપ ! જ્ઞાન વિના, તપ વિના, ઈંદ્રિયોના નિગ્રહ વિના, તેમ લોભત્યાગ વિના તમને શાંતિ મળે એમ હું જોતો નથી. ૫૧

બુદ્ધિથી પુરુષ સંસારના ભયને દૂર કરે છે, તપથી તેને મહત્તા મળે છે, ગુરુસેવાથી તેને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે અને ચિત્તવૃત્તિના નિરોધરૂપી યોગથી તેને શાંતિ મળે છે. ૫૨

મોક્ષાધિકારી પુરુષો દાનના ને વેદાધ્યયનના પુણ્યની કામના રાખતા નથી અને રાગ તથા દ્વેષથી રહિત થઈને પૃથ્વી પર વિચરે છે.૫૩

સારા અધ્યયનની, સારા યુદ્ધની, સારાં કર્મની તથા સારા તપને અંતે મનુષ્યને સુખ મળે છે. ૫૪

હે રાજન્ ! ભેદદૃષ્ટિવાળા અને જ્ઞાતિના મનુષ્યો સાથે દ્વેષ બુદ્ધિ રાખનાર પુરુષો સુંદર બિછાવેલાં શયનોમાં આળોટતા પણ કદી નિદ્રા પામતા નથી. સ્ત્રીઓના સમાગમમાં પણ પ્રીતિ અનુભવતા નથી અને ભાટ-ચારણોની સ્તુતિઓથી પણ પ્રસન્નતા મેળવતા નથી. ૫૫

જે પરસ્પર ભેદભાવ રાખનારો કદી ધર્માચરણ કરતો નથી. એ આ

જગતમાં સુખ પામતો નથી, એ ગૌરવ પામતો નથી અને એ ભેદદૃષ્ટિવાળાઓ શાંતિ મેળવી સુખ પામતો નથી. ૫૬

હે રાજન્ ! એ ભેદદૃષ્ટિવાળાઓને હિતકારક કહેલું રુચતું નથી, તેમનું યોગક્ષેમ ચાલતું નથી ને વિનાશ વિના તેમનો બીજો કોઈ અંત નથી. ૫૭

ગાયોમાં દૂધ વગેરે ગોરસની સંભાવના રખાય, બ્રાહ્મણમાં તપની સંભાવના રખાય, સ્ત્રીઓમાં ચપળતાની સંભાવના રખાય તેમ જ્ઞાતિથી ભયની સંભાવના રખાય. ૫૮

ઘણા નાના તાંતણાઓ એકઠા થવાથી તે મજબૂત થઈને મોટા પ્રયાસોને સહન કરે છે. સજ્જનોના સંબંધમાં આ ઉદાહરણ છે. ૫૯

હે ધૃતરાષ્ટ્ર ! બળતાં લાકડાં છૂટાં પડવાથી ધુમાય છે અને એકઠાં થવાથી બળે છે. હે ભરતશ્રેષ્ઠ ! એ જ વાત જ્ઞાતિને લાગુ પડે છે. (જ્ઞાતિ બંધુઓમાં ફાટફૂટ થવાથી દુઃખ થાય છે ને એક્તા થવાથી સુખ થાય છે.) ૬૦

હે ધૃતરાષ્ટ્ર ! જેઓ બ્રાહ્મણો ઉપર, સ્ત્રીઓ ઉપર, જ્ઞાતિ ઉપર અને ગાયો ઉપર શૂરાતન બતાવે છે, તેઓ ડીંટામાંથી ખરી પડતા પાકાં ફળની જેમ નીચે ખરીને પડે છે. ૬૧

ઝાડ ભલે મોટું હોય, બળવાન હોય તથા ઊંડા મૂળવાળું હોય તો પણ જો તે એકલું ઊગ્યું હોય, તો વાયુ તેને ડાળીઓ સાથે પળવારમાં ઉખેડી નાખી શકે છે. ૬૨

પરંતુ જે વૃક્ષો પાસે પાસે હોય ને જથ્થાબંધ રીતે ઊંડાં મૂળ ઘાલીને ઊગ્યાં હોય છે, તેઓ એકબીજાના આશ્રયને લીધે પ્રચંડ પવનથી પણ ટક્કર સહન કરે છે. એ જ પ્રમાણે મનુષ્ય ભલે ગુણોથી સંપન્ન હોય, છતાં તે જો એકલો હોય તો વાયુ જેમ એકલા ઊગેલા ઝાડને ઉખેડી શકે છે, તેમ શત્રુઓ પણ તેને ઉખાડી નાખવાનું શક્ય માને છે. ૬૩, ૬૪

જ્ઞાતિઓ તો એકબીજાના જોરથી તથા આશ્રયથી સરોવરમાં રહેલાં કમળોની પેઠે વૃદ્ધિ પામે છે. ૬૫

બ્રાહ્મણ, ગાય, જ્ઞાતિ, બાળક, સ્ત્રી, જેમનું અન્ન પોતે ખાતા હોઈએ તે અને જેઓ શરણે આવ્યા હોય તે, એટલાં અવધ્ય ગણાય છે.૬૬

હે રાજન્ ! તમારું કલ્યાણ થાઓ. મનુષ્યમાં ધનવાનપણું અને નીરોગિતા એ બે વિના બીજા કોઈ ગુણો નથી; કારણ કે રોગીઓ તો મૂઆ જેવા જ છે. ૬૭

હે મહારાજા ! વગર વ્યાધિએ અરુચિ કરનાર, માથામાં વેદના કરનાર, પાપ સાથે સંબંધ રાખનાર, કઠોર, તીક્ષ્ણ, ઉષ્ણ, સજ્જનોએ પીવા યોગ્ય અને અસજ્જનો જેને પીતા નથી એવા ક્રોધને તમે પી જાઓ અને સારી પેઠે શાંત થાઓ. ૬૮

રોગી મનુષ્ય ફળ વગેરેનો અનાદર કરતા નથી ને વિષયોમાં ઈષ્ટ-અનિષ્ટનો વિવેક જાણતા નથી. દુઃખી થયેલા તે રોગીઓ નિત્ય ધનનો ઉપયોગ કરી જાણતા નથી, તેમ તેનું સુખ પણ મેળવી જાણતા નથી.૬૯

હે રાજન્ ! પૂર્વે દ્યૂતમાં દ્રૌપદીને જીતેલી જોઈને મેં તમને કહ્યું હતું કે, પંડિતો દ્યૂત ક્રીડાનો ત્યાગ કરે છે, માટે તમે દુર્યોધનને જુગારની રમતમાંથી વારો; પરંતુ તમે મારું કહેવું નહોતું માન્યું. ૭૦

સહિષ્ણુઓની સાથે જે વિરોધ કરે, તે કંઈ બળ કહેવાય નહિ. ધર્મ સૂક્ષ્મ છે અને તે આગ્રહપૂર્વક સેવવો જોઈએ. ક્રૂરના હાથમાં ગયેલી લક્ષ્મી નાશ પામે છે પણ સરળ પુરુષના હાથમાં ગયેલી તે જ લક્ષ્મી વૃદ્ધિ પામે છે અને દીકરાના દીકરા સુધી પહોંચે છે. ૭૧

હે રાજન્ ! તમારા પુત્રો પાંડવોનું પાલન કરો અને પાંડવો તમારા પુત્રોનું રક્ષણ કરો. બંનેમાંથી એકના પણ જે શત્રુ તથા મિત્ર હોય, તે બીજાના પણ શત્રુ તથા મિત્ર ગણાઓ. બંનેનાં કાર્ય પણ એક સરખાં જ

થાઓ. આમ સર્વ કુરુવંશી સમૃદ્ધિવાળા થઈ સુખથી જીવો. ૭૨

હે અજમીઢવંશી ! તમે આજે કૌરવોના નેતા છો. આ કુરુકુળ તમારે આધીન છે. આથી હે તાત ! વનવાસથી અત્યંત દુઃખી થયેલા બાળક પાંડવોનું તમે પાલન કરો અને તમારા પોતાના યશનું રક્ષણ કરો. ૭૩

હે કૌરવરાજ ! તમે પાંડવોની સાથે સંધિ કરો. શત્રુઓ તમારી વચ્ચે ભેદની ઈચ્છા ન કરો. હે નરદેવ ! સર્વ પાંડવો સત્યનું અવલંબન કરીને રહેલા છે. આથી હે નરેન્દ્ર ! તમે દુર્યોધનને યુદ્ધથી અટકાવો.૭૪

**વિદુરનીતિ અધ્યાય ચોથો સંપૂર્ણ.**

# અધ્યાય-૫

**વિદુર બોલ્યા :** હે રાજેન્દ્ર ! વિચિત્રવીર્યના પુત્ર ! આ (નીચેના) સત્તર પુરુષોને સ્વયંભુવ મનુએ આકાશને મુઠ્ઠીથી પ્રહાર કરનારા કહ્યા છે. (એટલે કે અત્યંત મૂર્ખ કહ્યા છે) ૧

તેમણે તેમને મેઘમાં રહેલા, નમાવી ન શકાય તેવા મેઘ ધનુષ્યને નમાવનારા અને સૂર્યચંદ્રાદિના ન પકડી શકાય તેવાં કિરણોને પકડનારા કહ્યા છે. ૨

જે અશિષ્યને ઉપદેશ આપે છે. જે અલ્પ લાભથી સંતુષ્ટ થાય છે. જે સ્વકાર્યાર્થે શત્રુને વારંવાર સેવે છે. જે સ્ત્રીઓને રક્ષે છે અને તેમાં જ કલ્યાણ જુએ છે. જે યાચનાને અયોગ્યને યાચે છે અથવા કંઈક કરીને બડાઈ હાંકે છે. ૩

હે રાજન્ ! જે કુલીન હોવા છતાં અયોગ્ય કાર્ય કરે છે, જે નિર્બળ હોવા છતાં બળવાન સાથે નિત્ય વેર કરે છે, જે અશ્રદ્ધાળુને હિતવચન કહે છે અને જે અનિચ્છનીય કામના કરે છે.૪

જે સસરો થઈને પુત્રવધૂની સાથે પરિહાસ કરે છે, જે વહુના પિતા વગેરે દ્વારા ભયરહિત બન્યો હોવા છતાં તેમની પાસે માનની કામના રાખે છે, જે પરસ્ત્રીમાં કે પરાયા ક્ષેત્રમાં બીજ વાવે છે અને જે સ્ત્રી સાથે અતિશય કલહ કરે છે. ૫

જે કંઈક મળ્યું હોવા છતાં મને યાદ નથી એમ કહે છે, (તીર્થમાં વાણીથી) દાન કરીને (ઘેર) યાચના કરવામાં આવતાં જે દાન આપ્યા વગર બડાઈ હાંકે છે અને જે દુર્જનને સજ્જન કરી બેસાડે છે- એ (સત્તર મૂર્ખોને) હાથમાં પાશ ધારણ કરનારા યમદૂતો નરકમાં લઈ જાય છે. ૬

જે મનુષ્ય જેના પ્રત્યે જેવું વર્તન રાખે, તેના પ્રત્યે તેણે તેવું જ વર્તન રાખવું જોઈએ, તે ધર્મ છે. કપટી આચારવાળા સાથે કપટથી વર્તવું જોઈએ અને સદાચારી સાથે સારી રીતે વર્તવું જોઈએ. ૭

ઘડપણ રૂપને, આશા ધૈર્યને, મૃત્યુ પ્રાણોને, ઈર્ષ્યા ધર્માચરણને, કામ લજ્જાને, અનાર્ય સેવા સદ્‌વર્તનને, ક્રોધ લક્ષ્મીને અને અભિમાન સર્વસ્વને હરે છે. ૮

**ધૃતરાષ્ટ્ર બોલ્યા :** સર્વ વેદોમાં પુરુષને સો વર્ષના આયુષ્યવાળો કહ્યો છે તો કયા કારણે લોકમાં તે પૂર્ણ આયુષ્ય ભોગવતો નથી. ૯

**વિદુર બોલ્યા :** હે નરપતિ, અતિ અભિમાન, અમર્યાદ ભાષણ, ઉત્કૃષ્ટ અપરાધ, ક્રોધ, એકલપેટાપણું અને મિત્રદ્રોહ આ છ દોષો છે. ૧૦

આ છ દોષો તીક્ષ્ણ તલવાર જેવા છે. તે દેહધારીઓના આયુષ્યને કાપનારા છે. તેઓ માનવોને હણે છે, મૃત્યુને નહિ. આપનું કલ્યાણ થાઓ.૧૧

હે ભારત, જે વિશ્વાસુની પત્નીનો સંગ કરે છે, જે ગુરુ પત્નીની પથારીમાં જાય છે; જે બ્રાહ્મણ હોવા છતાં શૂદ્ર સ્ત્રીનો પતિ થાય છે અને જે દારુપીનારો છે. જે બ્રાહ્મણી બ્રાહ્મણોની પાસે દાસપણું કરાવે છે; જે તેમની આજીવિકાનો છેદ કરે છે; જે શરણે આવેલાને હણે છે; તે સર્વને બ્રહ્મહત્યારા જેવા ગણવા. એમનો સંસર્ગ થાય તો પ્રાયશ્ચિત કરવું જોઈએ એમ શ્રુતિમાં કહ્યું છે. ૧૨,૧૩

વિદ્યાવાન, નીતિજ્ઞ, દાતા, (પંચયજ્ઞ કર્યા પછી) શેષ અન્નને ખાનાર,

કોઈને ન પીડનાર, અનર્થકારી કૃત્ય ન કરનાર, કૃતજ્ઞ, સત્યનિષ્ઠ અને મૃદુ વિદ્વાન સ્વર્ગ મેળવે છે. ૧૪

હે રાજન્ ! મધુર બોલનારા પુરુષો હંમેશાં સુલભ હોય છે; પરંતુ કડવું છતાં હિતકર કહેનાર અને સાંભળનારા દુર્લભ હોય છે. ૧૫

જે ધર્માશ્રયે કરીને, સ્વામીને પ્રિય લાગશે કે અપ્રિય તેની પરવા વિના, અપ્રિય છતાં હિતકારી વચન બોલે તેનાથી રાજા સહાયવાન છે. ૧૬

કુળને માટે પુરુષનો ત્યાગ કરવો, ગામને માટે કુળનો ત્યાગ કરવો, દેશને માટે ગામનો અને આત્માને માટે પૃથ્વીનો ત્યાગ કરવો. ૧૭

આપત્તિ માટે ધનનું રક્ષણ કરવું, ધન વડે પણ પત્નીનું રક્ષણ કરવું અને ધન તથા સ્ત્રી વડે હંમેશાં આત્માનું(પોતાનું) રક્ષણ કરવું.૧૮

જુગાર એ માનવોમાં વેર કરાવનાર છે, એવું પુરાકલ્પમાં જોવાયું છે. તેથી બુદ્ધિમાન પુરુષે હાસ્ય માટે પણ જુગારનું સેવન ન કરવું.૧૯

હે પ્રતાપવંશી રાજન્ ! દ્યૂતકાળે પણ આ યોગ્ય નથી. એવું વચન મેં કહ્યું હતું. હે વિચિત્રવીર્યના પુત્ર, જેમ મરણોન્મુખને હિતકર ઔષધ ન રુચે તેમ આપને મારું હિતકર વચન ન રુચ્યું. ૨૦

તમે કાગડા જેવા કૌરવો વડે રંગીન પીંછાવાળા મોરરૂપી પાંડવોને હરાવવા માગો છો. હે નરેન્દ્ર, તમે સિંહોને ત્યજી શિયાળોને સંઘરી રહ્યા છો. આથી સમય આવ્યે તમારે શોક કરવો પડશે. ૨૧

હે તાત ! પોતાના હિતમાં રત એવા ભક્ત સેવક ઉપર જે સ્વામી સર્વ કાળે ગુસ્સે થતો નથી, તે સ્વામીમાં સેવકો વિશ્વાસ મૂકે છે અને આફતમાં પણ તેને ત્યજતા નથી. ૨૨

સેવકોની આજીવિકા રૂંધીને નવું રાજ્ય કે ધન મેળવવાની ઈચ્છા કરવી નહિ; કારણ કે આ રીતે છેતરાયેલા અમાત્યો સ્નેહાળ હોવા છતાં ભોગો વગરના થવાથી, વિરુદ્ધ થઈને સ્વામીને ત્યજે છે. ૨૩

પહેલાં સર્વ કાર્યોની સાધ્યાસાધ્યતાનો નિશ્ચય કરવો તેમજ આવક જાવકને અનુરૂપ સેવકોની આજીવિકાની વ્યવસ્થા કરવી. યોગ્ય સહાયકોનો સંગ્રહ કરવો; કારણ કે દુષ્કર કાર્યો સહાયથી જ સાધ્ય થાય છે. ૨૪

પોતાના સ્વામીની મરજી સમજીને જે સેવક આળસરહિત સર્વ કાર્યો કરે છે. જે હિતકારી વક્તા, પ્રેમાળ, આર્ય છે અને પોતાની શક્તિને જાણે છે, સ્વામીએ તેને પોતાનો સમજીને તેના પર અનુગ્રહ કરવો.૨૫

જે કહેલાં વચનોનો આદર કરતો નથી, કામ કરવાનું કહેતાં જે ઊલટો ઉત્તર આપે છે, જે પોતાની પ્રજ્ઞાથી ગર્વિષ્ઠ અને આજ્ઞા વિરુદ્ધ બોલનાર છે, એવો સેવક ત્વરાપૂર્વક ત્યજવા યોગ્ય છે. ૨૬

દર્પશૂન્ય, સામર્થ્યવાન, શીઘ્ર કામ કરનાર, દયાળુ, મીઠા સ્વભાવનો, બીજાથી ન ભેદી શકાય તેવો, નીરોગી, યુક્તિયુક્ત અને મહા અર્થવાળું વાક્ય બોલનારો એ આઠ ગુણોથી સંપન્નને દૂત કહે છે.૨૭

સમજુ પુરુષે સાયંકાલે અવિશ્વાસપાત્રને ઘેર વિશ્વાસપૂર્વક જવું નહિ. રાત્રે ચૌટામાં છુપાઈ રહેવું નહિ અને રાજાની કામનાપાત્ર સ્ત્રીની ઈચ્છા કરવી નહિ. ૨૮

ઘણાએ મળીને જે મસલત કરી હોય તે ખરાબ હોય તો પણ તેનો નિષેધ ન કરવો તેમજ મને તમારામાં વિશ્વાસ નથી એમ પણ કહેવું નહિ; પરંતુ સકારણ બહાનું બતાવી ત્યાંથી દૂર થઈ જવું. ૨૯

લજ્જાવાન રાજા, વ્યભિચારિણી સ્ત્રી, રાજસેવક, પુત્ર, ભાઈ, વિધવા, બાળક, પુત્રવાળી માતા, સેનાપતિ અને અધિકાર ઉપરથી દૂર કરેલો પુરુષ -એટલાં સાથે ધનધનાદિ વ્યવહાર ન કરવો. ૩૦

પ્રજ્ઞા, કુલીનતા, શાસ્ત્રજ્ઞાન, ઈંદ્રિયનિગ્રહ, પરાક્રમ, મિતભાષિતા, યથાશક્તિ દાન અને કૃતજ્ઞતા એ આઠ ગુણો પુરુષને દીપાવે છે.૩૧

હે તાત ! એ મહાનુભાવ ગુણોને એક રાજસન્માનરૂપી ગુણ

બળપૂર્વક આશ્રય આપે છે. જ્યારે રાજા કોઈ મનુષ્યને સત્કારે છે ત્યારે સર્વ ગુણો આ ગુણ પોષે છે. ૩૨

બળ, રૂપ, ધ્વનિશુદ્ધિ, વર્ણની સ્પષ્ટતા, મૃદુતા, સુગંધ, વિશુદ્ધતા, શોભા, લાવણ્ય અને ઉત્તમ સ્ત્રીઓ-આ દસ ગુણો સ્નાનશીલ માનવને પ્રાપ્ત થાય છે. ૩૩

આરોગ્ય, આયુષ્ય, બળ, સુખ, સારા સંતાન અને ખાઉધરાપણાની નિંદાથી બચાવ આ છ ગુણો અલ્પભોજન કરનારને પ્રાપ્ત થાય છે. ૩૪

કામ ન કરનાર, બહુ ખાનાર, લોકનો દ્વેષ કરનાર, મહાકપટી, ક્રૂર, દેશકાળને ન જાણનાર અને ખરાબ વેશવાળાને ઘરમાં વાસ આપવો નહિ. ૩૫

કંજૂસ, ગાળ ભાંડનાર, મૂર્ખ, માછી, ધૂર્ત, હલકાને માન આપનાર, નિષ્ઠુર, વેર કરનાર અને કૃતઘ્ની પાસે ખૂબ દુઃખી થયા હોવા છતાં યાચના કરવી નહિ. ૩૬

બંડખોર, અતિ પ્રમાદી, નિત્ય અસત્ય બોલનાર, નબળી ભક્તિ-વાળો, સ્નેહ છોડી દેનાર અને પોતાને ચતુર માનનાર-આ છ નરાધમોને સેવવા નહિ. ૩૭

સહાયકોથી ધન મળે છે અને ધનથી સહાયકો મળે છે. તે બંને અન્યોન્ય આશ્રય કરે છે, તે એક બીજા વિના સિદ્ધ થતાં નથી. ૩૮

પુત્રોને ઉત્પન્ન કરીને, તેમને ઋણ વગરના કરીને તેમજ તેમની કંઈક આજીવિકાની વ્યવસ્થા કરીને, સર્વ પુત્રીઓને યોગ્યસ્થાને પરણાવીને, પછી અરણ્યમાં રહીને મુનિ થવાની ઈચ્છા કરવી. ૩૯

જે સર્વ પ્રાણીઓને માટે હિતકારી હોય અને પોતાને માટે સુખ આપનાર હોય, તે કર્મ ઈશ્વરાર્પણ વૃત્તિથી કરવું; કારણ કે સર્વ અર્થની સિદ્ધિ માટે તે મૂળ છે. ૪૦

ધન વગેરેની વૃદ્ધિ, પ્રભાવ, તેજ, સત્ત્વ અને નિશ્ચય તથા ઉદ્યમ-જેની પાસે આટલું હોય તેને આજીવિકાના અભાવનો ભય ક્યાંથી હોય?

હે રાજન્ ! પાંડવો સાથેના વિગ્રહના દોષો તમે જુઓ. તેથી ઈન્દ્ર સહિતના દેવો પણ વ્યથા પામશે. પુત્રો સાથે વેર થશે, નિત્ય ચિંતાતુર રહેવું પડશે, યશનો નાશ થશે તેમજ શત્રુઓ હર્ષ પામશે. ૪૨

હે ઈન્દ્ર સમાન રાજા ! ભીષ્મનો, તમારો, દ્રોણનો અને રાજા યુધિષ્ઠિરનો ક્રોધ વૃદ્ધિ પામશે, તો તે આકાશમાં ત્રાંસા ઊગતા ધૂમકેતુની જેમ આ લોકનો નાશ કરશે. ૪૩

તમારા સો પુત્રો, કર્ણ અને પાંચ પાંડવો સાગરથી ગગન પર્યંતની સમગ્ર પૃથ્વીનું શાસન કરશે. (તમે વિરોધ શાંત કરો તો જરૂર આ શક્ય બનશે.) ૪૪

હે રાજન્ ! તમારા સર્વ પુત્રો વનરૂપ છે અને પાંડુ પુત્રો વાઘ છે, એવો મારો મત છે. તમે વાઘ સાથે વનને છેદશો નહિ તો જ વનમાંથી વાઘ નાશ પામે નહિ. ૪૫

વાઘ વિના વન રહેતું નથી અને વન વિના વાઘ રહેતા નથી; કારણ કે વાઘ વડે વનની રક્ષા થાય છે. વન વાઘનું રક્ષણ કરે છે. ૪૬

દુષ્ટ બુદ્ધિવાળા લોકો અન્યના દોષો જાણવા ઈચ્છે છે. આ પ્રમાણે તેઓ પારકાના કલ્યાણકારી ગુણો જાણવા ઈચ્છતા નથી. ૪૭

શ્રેષ્ઠ અર્થ સિદ્ધિને ઈચ્છનારાએ પ્રારંભથી જ ધર્મનું આચરણ કરવું; કારણ કે જેમ અમૃત સ્વર્ગલોકથી તેમ અર્થ ધર્મથી દૂર જતો નથી. ૪૮

જેનું પાપથી દૂર થયેલું ચિત્ત કલ્યાણમાં સ્થિર થયું છે, તેણે પ્રકૃતિ, વિકૃતિ અને આ (સારું-નરસું) સર્વ જાણ્યું છે. ૪૯

જે માનવ ધર્મ, અર્થ અને કામને યથાકાળે સેવે છે, તે આ લોકમાં અને પરલોકમાં ધર્મ, અર્થ અને કામનો સંયોગ પ્રાપ્ત કરે છે. ૫૦

હે રાજન્ ! જે માનવ ક્રોધ અને હર્ષથી ઉપજેલા વેગને સારી રીતે કાબૂમાં રાખે છે અને આફતમાં મૂંઝાતો નથી, તે લક્ષ્મીને પાત્ર બને છે.

પુરુષોનું બળ નિત્ય પાંચ પ્રકારનું છે. તે મારી પાસેથી સાંભળો. જે બાહુબળ છે તે કનિષ્ઠ બળ કહેવાય છે. ૫૨

અમાત્ય લાભ એ બીજું બળ કહેવાય છે. વિદ્વાનો ધનલાભને ત્રીજું બળ કહે છે. તમારું કલ્યાણ હો. ૫૩

હે રાજન્ ! બાપ-દાદાથી સહજ રીતે આવેલું જે કુળબળ છે, તેને ચોથું બળ સમજવું. ૫૪

હે ભારત ! આ સર્વનો જેમાં સમાવેશ થયો છે અને જે બળોમાં શ્રેષ્ઠ બળ છે, તે બુદ્ધિબળ કહેવાય છે. ૫૫

જે મનુષ્ય મોટો અપકાર કરવા સમર્થ હોય તેવા પુરુષની સાથે વેર કરીને, હું તેનાથી દૂર છું એમ વિશ્વાસ ન કરવો. ૫૬

સ્ત્રી, રાજા, સર્પ, સ્વાધ્યાય, સમર્થ શત્રુ, વૈભવ અને આયુષ્યનો વિશ્વાસ કરવા કયો બુદ્ધિશાળી મનુષ્ય સમર્થ છે ? ૫૭

પ્રજ્ઞારૂપી તીરથી હણાયેલા પ્રાણીને બચાવવા વૈદ્યો, ઔષધો, હોમ, મંત્રો, પુણ્યકર્મો, અથર્વવેદના મંત્ર-પ્રયોગો અને પારો વગેરે રસાયણો પણ સમર્થ બનતાં નથી. ૫૮

હે ભારત ! સર્પ, અગ્નિ, સિંહ અને જ્ઞાતિની મનુષ્યે અવજ્ઞા ન કરવી, કારણ કે તે સર્વે અતિ તેજસ્વી હોય છે. ૫૯

લોકમાં અગ્નિરૂપી મહાન તેજ લાકડામાં ગુપ્ત રહે છે. બીજાએ સળગાવ્યું ન હોય ત્યાં સુધી તે લાકડાને પણ બાળતું નથી. ૬૦

જ્યારે તેને લાકડાંઓનાં મંથન દ્વારા સળગાવાય છે, ત્યારે તે પોતાના તેજથી પેલાં લાકડાંને તેમજ અન્ય વનને પણ ઝડપથી બાળી નાખે છે. ૬૧

આ રીતે ઉત્તમ કુળમાં જન્મેલા પાંડવો અગ્નિ જેવા તેજસ્વી છે,

ક્ષમાવાન છે. લાકડામાં રહેનારા અગ્નિની જેમ બહારથી આકાર ઢાંકીને રહ્યા છે. ૬૨

તમે પુત્રો સહિત લતારૂપ છો અને પાંડુપુત્રો મહા વૃક્ષો છે, એવો મારો મત છે. મહા વૃક્ષનો આશ્રય કર્યા વગર લતા કદી વિકાસ પામતી નથી. ૬૩

હે અંબિકાપુત્ર ! તમારો પુત્ર વન છે અને પાંડવો તે વનમાં રહેલા સિંહો છે, હે રાજન્ ! તમે આ જાણો. હે તાત ! સિંહો વગરનું વન વિનાશ પામે અને વન વિનાના સિંહો પણ વિનાશ પામે છે. ૬૪

**વિદુરનીતિ અધ્યાય પાંચમો સંપૂર્ણ.**

# અધ્યાય-૬

**વિદુર બોલ્યા :** વૃદ્ધ પુરુષ આવે છે, ત્યારે તરુણના પ્રાણ નીકળીને આગળ આવે છે પણ એ તરુણ, તે વૃદ્ધની સામે જઈને તથા તેને અભિવંદન કરીને પુનઃ પ્રાણોને પોતાની અંદર પ્રાપ્ત કરે છે. ૧

પોતાને ઘેર કોઈ સત્પુરુષ આવે, ત્યારે ધીર પુરુષે પ્રથમ તેને બેસવા માટે આસન આપવું. પછી પાણી લાવીને તેના પગ ધોવા, તે પછી તેનું કુશળ પૂછીને પોતાની સ્થિતિ નિવેદન કરવી અને પછી તેને આદરપૂર્વક ભોજન કરાવવું. ૨

જે ગૃહસ્થાશ્રમીના ઘેર તેના લોભને લીધે, રાજ્યાદિમાં ધનવાન-પણાની ખ્યાતિ થવાના ભયથી કે કૃપણતાને કારણે મંત્રવેત્તા પુરુષને જળ, મધુપર્ક અને ગાય ન મળે, તે ગૃહસ્થનું જીવન વ્યર્થ છે. એમ આર્ય પુરુષો કહે છે. ૩

વૈદ્ય, શસ્ત્ર ઘડનાર, બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલો, ચોર, ક્રૂર, મદ્યપાન કરનારો, ગર્ભપાત કરનારો, સેનાજીવી (સેનામાં નોકરી કરી, તે પર જીવિકા ચલાવનારો) અને વેદવિક્રય કરનારો એટલા જણા જોકે જળને માટે પણ યોગ્ય નથી તો પણ તેમાંનો કોઈ અતિથિ તરીકે પોતાને ત્યાં આવ્યો હોય, તો તેનું પ્રેમથી સ્વાગત કરવું. ૪

મીઠું, રાંધેલું અન્ન, દહીં, દૂધ, મધ, તેલ, ઘી, તલ, માંસ, ફળ, મૂળ, શાક, લાલ વસ્ત્ર, સર્વ સુગંધી પદાર્થો અને ગોળ એટલી વસ્તુ વેચવા યોગ્ય નથી. ૫

જે રોષરહિત છે તથા માટીનું ઢેફું, પથ્થર અને સોનાને સમાન ગણે છે. શોકમુક્ત છે. સ્નેહ તથા વેરથી પર છે. નિંદા તથા પ્રશંસાથી ઉપશમ પામ્યો છે. સુખ તથા દુઃખને સમાન લેખે છે અને જે ઉદાસીનની પેઠે રહે છે તેને ખરો ભિક્ષુ અતિથિ જાણવો. ૬

સામો વગેરે ધાન્ય, મૂળ ઈંગોરિયા તથા શાકભાજી ઉપર નિર્વાહ કરનાર, મનને સારી પેઠે વશ રાખનાર, અગ્નિહોત્રના કાર્યમાં કુશળ, વનમાં વાસ કરનાર, અતિથિ સત્કારમાં સાવધાન અને પુણ્યકર્મ કરનાર પુરુષને મહા તપસ્વી જાણવો. ૭

બુદ્ધિમાન પુરુષનો અપકાર કરીને હું દૂર છું એવા વિશ્વાસથી બેસી રહેવું નહિ; કારણ કે બુદ્ધિમાનના બુદ્ધિરૂપી હાથ ઘણા લાંબા હોય છે; એટલે તે હાથથી તે અપકાર કરનારાનો નાશ કરે છે. ૮

અવિશ્વાસુ મનુષ્યનો વિશ્વાસ કરવો નહિ, તેમ વિશ્વાસુનો પણ અતિ વિશ્વાસ રાખવો નહિ; કારણ કે વિશ્વાસથી ઉત્પન્ન થયેલો ભય મૂળને પણ કાપી નાખે છે. ૯

પુરુષે કોઈની ઈર્ષ્યા કરવી નહિ, પોતાની સ્ત્રીનું રક્ષણ કરવું, જે મળે તે પોષ્યવર્ગને વહેંચી આપવું. પ્રિય બોલવું, સ્ત્રીઓની સાથે કોમળ રહેવું, મધુર બોલવું પણ તેઓને વશ થઈ જવું નહિ. ૧૦

પૂજવા યોગ્ય, મહા ભાગ્યવાળી, પવિત્ર અને ઘરને અજવાળનારી સ્ત્રીઓ ઘરની લક્ષ્મી કહેવાય છે, માટે તેમનું વિશેષ પ્રકારે રક્ષણ કરવું જોઈએ. ૧૧

પિતાને અંતઃપુરનું રક્ષણ સોંપવું, માતાને રસોડું સોંપવું, ગાય વગેરે પશુઓ ઉપર પોતાની પેઠે કાળજી રાખનારો હોય એવાની નિમણૂંક કરવી અને ખેતી ઉપર જાતે જ કામે જવું. ૧૨

સેવકો પાસે વ્યાપારકાર્ય કરાવવું અને પુત્રો દ્વારા બ્રાહ્મણોની સેવા કરાવવી. પાણીથી અગ્નિ ઉત્પન્ન થયો છે, બ્રાહ્મણોથી ક્ષત્રિયો ઉત્પન્ન

થયા છે અને પાષાણથી લોઢું ઉત્પન્ન થયું છે. ૧૩

તેમનું તેજ સર્વવ્યાપક છે; પરંતુ તે પોતાના ઉત્પત્તિ સ્થાનમાં શાંત થઈ જાય છે. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા સજ્જનો નિત્ય અગ્નિના જેવા તેજસ્વી હોય છે; છતાં તેઓ કાષ્ઠમાં ગુપ્ત રહેલા અગ્નિની પેઠે બહારથી શાંત તથા ગુપ્ત રહે છે. ૧૪

જે રાજાની મસલતને બહારનું તથા ઘરનું કોઈ જાણતું નથી અને જે દૂતો દ્વારા બીજાની મસલતોને જાણી લે છે. જે કામ કરવાનાં હોય તે કામ જાહેર કરે નહિ અને કર્યા પછી જ બતાવે છે, તે રાજા ઘણા કાળપર્યંત રાજ્ય ભોગવે છે. એમ કરવાથી મસલત ફૂટતી નથી. ૧૫,૧૬

પર્વત ઉપર ચઢીને અથવા મહેલના એકાંતમાં જઈને અથવા ઘાસ વિનાના અરણ્યમાં જઈને મસલત કરવાથી તે ફૂટતી નથી. ૧૭

હે ભારત! ઉત્તમ મસલત જાણવાને માટે મિત્ર સિવાય બીજું કોઈ અધિકારી નથી. ૧૮

મિત્ર હોવા છતાં તે અપંડિત હોય અને પંડિત હોય છતાં બહુ બોલકણો હોય, તેને પણ ગુપ્ત વિચાર જણાવવો નહિ. રાજાએ પરીક્ષા કર્યા વિના કોઈને પણ પોતાનો મંત્રી કરવો નહિ; કારણ કે અર્થપ્રાપ્તિ અને મંત્રરક્ષણ, એ બંને મંત્રીને અધીન હોય છે. જે રાજાનાં ધર્મ, અર્થ, કામ સંબંધી સર્વ કાર્યો સિદ્ધ થયા પછી જ સભાસદોના જાણવામાં આવે છે, તે રાજા રાજાઓમાં શ્રેષ્ઠ છે. એવા ગુપ્ત મસલતવાળા રાજાનાં કાર્યો અવશ્ય સિદ્ધ થાય છે. ૧૯-૨૧

જે રાજા મોહને લીધે અશુભ કાર્યો કરે છે, તે રાજા અશુભ કર્મની દુષ્ટતાને કારણે જીવથી માર્યો જાય છે. ૨૨

પ્રશંસાપાત્ર કામ કરવાથી સુખ મળે છે અને તે ન કરવાથી પશ્ચાતાપ થાય છે, એવું વિદ્વાનોનું માનવું છે. ૨૩

જેમ બ્રાહ્મણ વેદ ભણ્યા વિના નિમંત્રણને યોગ્ય ગણાતો નથી તેમ છ

ગુણો (સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સમાશ્રય)ની સમજ વિનાનો પુરુષ મસલત સાંભળવાને યોગ્ય ગણાતો નથી. ૨૪

હે રાજા ! સ્થિતિ, વૃદ્ધિ તથા ક્ષયને જાણનારો, સંધિ આદિ છ ગુણના જ્ઞાન વડે પોતાના સ્વરૂપને ઓળખનારો અને સત્કારપાત્ર શીલવાળો રાજા પૃથ્વીને સ્વાધીન કરે છે. ૨૫

જે રાજાનો ક્રોધ તથા હર્ષ સફળ છે. જે પોતે કામ કરીને તેની વારંવાર દેખરેખ રાખે છે અને જે પોતે જ ભંડારની સંભાળ લે છે, તેને આ વસુંધરા ધન આપ્યા જ કરે છે. ૨૬

રાજાએ રાજપદથી તથા છત્રથી જ સંતુષ્ટ રહેવું અને સંપત્તિ સેવકોને વહેંચી આપવી પણ એકલાએ જ સર્વ લઈ લેવું નહિ. ૨૭

બ્રાહ્મણ બ્રાહ્મણના સ્વરૂપને ઓળખે છે. પતિ પત્નીના સ્વરૂપને ઓળખે છે, રાજા અમાત્યના સ્વરૂપને ઓળખે છે અને રાજાના સ્વરૂપને રાજા જ ઓળખે છે. ૨૮

વધ કરવા યોગ્ય શત્રુ વશમાં આવ્યો હોય તો તેને જતો કરવો નહિ. શક્તિ ન હોય તો નીચા વળીને તેની સેવા કરવી પણ બળ થાય ત્યારે તો તેનું કાસળ કાઢી નાખવું; કારણ કે તેવો શત્રુ જીવતો જાય તો થોડા જ સમયમાં તેનાથી ભય ઉત્પન્ન થાય છે. ૨૯

દેવતા, રાજા, બ્રાહ્મણ, વૃદ્ધ, બાળક અને રોગી એટલાની સાથે પ્રસંગ પડતાં સર્વદા પ્રયત્નપૂર્વક ક્રોધને વશ રાખવો. ૩૦

ડાહ્યા મનુષ્યે મૂર્ખોએ સેવેલા નિરર્થક ક્લેશનો ત્યાગ કરવો; કારણ કે એવા ત્યાગથી લોકમાં કીર્તિ મળે છે અને કોઈ અનર્થ થતો નથી.

જેમ સ્ત્રીઓ નપુંસક પતિને ઈચ્છતી નથી, તેમ જેની રીઝ નિષ્ફળ હોય અને જેની રીસ પણ નિરર્થક હોય, તેવા રાજાને પ્રજા ઈચ્છતી નથી. ૩૨

બુદ્ધિ કંઈ ધનનો લાભ કરાવતી નથી અને મૂર્ખતા કંઈ ધનની હાનિ કરાવતી નથી પણ બુદ્ધિમાન આ લોક તથા પરલોકના વૃતાંતને (અર્થાત્ તે કર્મફળને આધીન છે એ વાતને) જાણે છે અને મૂર્ખ તે જાણતો નથી. ૩૩

હે ભારત ! મૂર્ખ મનુષ્ય હંમેશાં વિદ્યા, શીલ અને અવસ્થામાં મોટા, વળી ધનમાં અને જાતિમાં ઊંચા એવા પુરુષોનું અપમાન કરે છે. ૩૪

જે મનુષ્ય દુરાચારી, મૂર્ખ, ઈર્ષ્યાખોર, અધર્મી, દુષ્ટ વાણીવાળો તથા ક્રોધી હોય છે, તેના પર જલદી સંકટો આવી પડે છે. ૩૫

છેતરપીંડી ન કરવી, દાન આપવું, ઠરાવેલી મર્યાદાનું પાલન કરવું અને મીઠી વાણી બોલવી; એટલાથી સર્વ (પ્રાણીઓ)ને પોતાના પક્ષના કરી લેવાય છે. ૩૬

જે રાજા અવળું બોલતો નથી, ચતુર છે, કૃતજ્ઞ છે, બુદ્ધિમાન છે અને સરળ પ્રકૃતિનો છે તેનો ભંડાર ક્ષીણ થઈ ગયો હોય તો પણ તેને સેવક, મિત્ર વગેરે પરિવાર આવી મળે છે. ૩૭

ધૈર્ય, શાંતિ, ઈંદ્રિયનિગ્રહ, પવિત્રતા, દયા, કોમળ વાણી અને મિત્રદ્રોહનો ત્યાગ આ સાત લક્ષ્મીને વધારે છે. ૩૮

હે નરનાથ ! જે રાજા પોષ્યવર્ગને આપ્યા વિના જ ખાઈ જાય છે, જે દુષ્ટ મનનો છે, કૃતઘ્ની છે અને જે નિર્લજ્જ છે, તેનો ત્યાગ કરવો. ૩૯

પોતે દોષવાન છતાં જે ઘરમાંના દોષરહિત મનુષ્યોને કોપાવે છે, તે જાણે સાપવાળા ઘરમાં રહેતો હોય તેમ રાત્રે સુખે ઊંઘ પામતો નથી. ૪૦

હે ભારત ! જો મનુષ્યો ગુસ્સે થાય તો પોતાના યોગક્ષેમમાં અડચણ આવે છે. તે મનુષ્યોને દેવોની જેમ નિત્ય પ્રસન્ન રાખવા.૪૧

જે ધનાદિ અર્થો, સ્ત્રી, પ્રમાદી, પતિત અને અનાર્યને હાથે ગયાં હોય છે, તે સર્વ ભાગ્યે જ પાછાં મળે છે. ૪૨

હે રાજન્ ! જ્યાં સ્ત્રી, ધૂર્ત અથવા બાળકની સત્તા ચાલતી હોય, ત્યાંના લોકો નદીમાં પથ્થરની નાવમાં બેઠેલાની પેઠે ડૂબી જાય છે. (એટલે કે દુઃખી થાય છે.) ૪૩

હે ભારત ! જેઓ મુખ્ય કાર્યમાં જ પ્રવૃત્ત થાય છે અને વધારે ભાંજગડમાં પડતા નથી, તેઓને હું પંડિત માનું છું; કારણ કે ફોકટની પંચાતમાં પડનાર તો ક્લેશકારી થઈ પડે છે. ૪૪

ધૂર્તો (જુગારીઓ) જેનાં વખાણ કરે, ચારણો જેનાં વખાણ કરે છે અને વેશ્યાઓ જેનાં વખાણ કરે છે, તે મનુષ્ય કદી જીવી શકતો નથી.૪૫

હે ભારત ! તમે મહાધર્નુધારી તથા અમાપ પરાક્રમી પાંડવોનો ત્યાગ કરીને, દુર્યોધનને મોટું ઐશ્વર્ય આપ્યું છે; પરંતુ ઐશ્વર્યના મદથી મૂઢ થયેલો બલિરાજા જેમ ત્રણ લોકના રાજ્યથી ભ્રષ્ટ થયો હતો, તેમ તમે પણ દુર્યોધનને થોડા સમયમાં રાજ્યથી ભ્રષ્ટ થયેલો જોશો. ૪૬,૪૭

**વિદુરનીતિ અધ્યાય છઠ્ઠો સંપૂર્ણ.**

# અધ્યાય-૭

**ધૃતરાષ્ટ્ર બોલ્યા :** સૂતર પરોવેલી લાકડાની પૂતળીની પેઠે વિધાતાએ આ પુરુષને દૈવને આધીન કરેલો છે; તેથી એ ઐશ્વર્યની પ્રાપ્તિ અને ઐશ્વર્યના વિનાશ સંબંધમાં સ્વતંત્ર નથી. આથી તું મને બોધવચનો કહે, હું તે ધીરજથી સાંભળવા બેઠો છું. ૧

**વિદુર બોલ્યા :** હે ભારત ! સ્વયં બૃહસ્પતિ પણ જો કસમયે વચન કાઢે છે, તો તેનું પણ અપમાન થાય છે અને તેની બુદ્ધિ પણ લેખામાં લેવાતી નથી. ૨

કોઈ વસ્તુ આપવાથી પ્રિય થાય છે, કોઈ પ્રિય ભાષણથી પ્રિય થાય છે અને કોઈ મંત્ર તથા મૂળના બળથી પ્રિય થાય છે; પણ જે સહજ પ્રિય હોય છે તે તો સદા પ્રિય જ રહે છે. ૩

જે દ્વેષપાત્ર છે, તે મિત્ર થતો નથી, બુદ્ધિમાન જણાતો નથી, તેમ પંડિત જણાતો નથી. જેટલાં કામ મિત્ર કરે છે તેટલાં સારાં લાગે છે અને જેટલાં કામ શત્રુ કરે છે તેટલાં કામ અવશ્ય નકામાં લાગે છે.૪

હે રાજન્ ! દુર્યોધનનો જન્મ થયો તે વખતે જ મેં કહ્યું હતું કે, તમે આ એક પુત્રને ત્યજી દો; કારણ કે એના ત્યાગથી સો પુત્રની વૃદ્ધિ થશે અને એનો ત્યાગ ન કરવાથી સો પુત્રોનો નાશ થશે. ૫

જે વૃદ્ધિ પરિણામે ક્ષયકારી છે, તે વૃદ્ધિને શ્રેષ્ઠ માનવી નહિ, પણ જે ક્ષય પરિણામે વૃદ્ધિ કરે, તે ક્ષય જ શ્રેષ્ઠ માનવો. ૬

હે મહારાજ ! જે ક્ષય છેવટે વૃદ્ધિ કરાવે છે તે ક્ષય જ નથી પણ જે મેળવ્યા પછી ઘણાનો નાશ થાય, તેને જ આ લોકમાં ક્ષય માનવો. ૭

હે ધૃતરાષ્ટ્ર ! કેટલાક ગુણથી સમૃદ્ધિવાળા હોય છે તો કેટલાક ધનથી

સમૃદ્ધિવાળા હોય છે. તેમાં જેઓ ધનથી સમૃદ્ધિવાળા હોવા છતાં ગુણોથી રહિત છે, તેમનો તમે ત્યાગ જ કરો. ૮

**ધૃતરાષ્ટ્ર બોલ્યા :** હે વિદુર ! તું આ બધું શાણાઓને માન્ય એવું તથા હિતકારી બોલે છે પણ પુત્રને ત્યજવાની મારી હિંમત નથી. બાકી જ્યાં ધર્મ છે ત્યાં જ જય છે. ૯

**વિદુર બોલ્યા :** જે મનુષ્ય ઘણો ગુણવાન ને વિનયવાન હોય છે, તે પ્રાણીઓના અતિ અલ્પ દુઃખ તરફ પણ કદી ઉપેક્ષા કરતો નથી. ૧૦

જેઓ પરનિંદા કરવામાં તથા અન્યને દુઃખ દેવામાં તત્પર રહે છે તેમજ જેઓ પરસ્પર વિરોધ જગાવવાનો સતત યત્ન કરે છે, જેમનાં દર્શન પાપકારી છે. જેમનો સહવાસ મહા ભયંકર છે, જેમની પાસેથી પૈસા લેવાથી મોટો અનર્થ થાય છે, જેમને પૈસા આપવામાં મોટો ભય રહે છે, જેમનો વ્યવસાય એકબીજામાં ભેદ પડાવવાનો છે, જેઓ કામી, નિર્લજ્જ તથા શઠ છે, જેઓ પાપી તરીકે પ્રખ્યાત છે. જેમની સાથેનો સહવાસ નિંદાપાત્ર ગણાય છે અને જેઓ બીજા મહા દોષોથી ભરેલા છે તે મનુષ્યોનો ત્યાગ જ કરવો; કારણ કે મિત્રતાનું કારણ સમાપ્ત થતાં જ નીચ મનુષ્યમાં પ્રેમ, મિત્રતાનું ફળ અને સ્નેહનું સુખ નાશ પામે છે. વળી નીચનું થોડું સરખું પણ બૂરું કરવામાં આવે તો તે મિત્રને અપવાદ આપવાનો તથા તેનો વિનાશ કરવાનો પ્રયત્ન કરે છે અને મૂર્ખતાને લીધે કોઈ રીતે શાંત થતો નથી. ૧૧-૧૫

માટે તેવા નીચ, ક્રૂર તથા ઉચ્છૃંખલ મનુષ્યોની સંગતિનો પ્રસંગ આવે તો વિદ્વાન પુરુષે સારી પેઠે બુદ્ધિપૂર્વક વિચાર કરવો અને તેમની સંગતિને દૂરથી જ વર્જવી. જે મનુષ્ય પોતાના દીન, દુઃખી તથા દરિદ્રી જ્ઞાતિબંધુ પર દયા કરે છે, તેનાં પશુ, પુત્ર વૃદ્ધિ પામે છે અને તે પરમ કલ્યાણ ભોગવે છે. આથી જેઓ પોતાનું શુભ ઈચ્છતા હોય, તેઓએ જ્ઞાતિજનોની ઉદયવૃત્તિ કરવી, એટલે હે રાજેન્દ્ર ! જ્ઞાતિને સત્કારનારો

કલ્યાણથી યુક્ત થાય છે. હે ભરતશ્રેષ્ઠ ! જ્ઞાતિજનો ગુણરહિત હોય તો પણ તેમનું રક્ષણ કરવું જોઈએ; ત્યારે ગુણ સંપન્ન અને તમારી કૃપાના આકાંક્ષી એવા પાંડવો માટે તો કહેવું જ શું ? ૧૯-૨૦

હે પૃથ્વીપતિ ! તમે વીર પાંડવો ઉપર કૃપા કરો. હે પ્રભુ ! તમે તેમને જીવિકા માટે કેટલાં એક ગામો આપો. હે નરપતિ ! આ પ્રમાણે કરવાથી લોકમાં તમને યશ પ્રાપ્ત થશે. હે તાત ! તમે વૃદ્ધ છો માટે તમારે પુત્રોને શિખામણ આપવી જોઈએ. ૨૧, ૨૨

અને મારે પણ હિતબોધ કહેવો જોઈએ. તમે મને તમારો હિતૈષી જાણો. હે ભરતશ્રેષ્ઠ ! શુભેચ્છક મનુષ્યે પોતાનાં જ્ઞાતિજનો સાથે વિગ્રહ ન કરવો જોઈએ. હે તાત ! તેણે તો તેમની સાથે રહીને સુખ ભોગવવું જોઈએ. જ્ઞાતિજનોની સાથે ભોજન કરવું; વાતચીત કરવી તથા પરસ્પર પ્રેમ રાખવો પણ કદી તેમની સાથે વિરોધ કરવો નહિ. ૨૩, ૨૪

આ લોકમાં જ્ઞાતિભાઈઓ જ તારે છે અને જ્ઞાતિભાઈઓ જ ડુબાડે છે. સંસારમાં સદ્‌વર્તનવાળા જ્ઞાતિજનો તારે છે અને દુર્વતનવાળા જ્ઞાતિજનો ડુબાડે છે. ૨૫

તો હે રાજેન્દ્ર ! તમે પાંડવો પ્રત્યે સદ્‌વર્તન રાખો, એટલે હે માનદાતા ! તેઓથી વીંટાયેલા તમે શત્રુઓથી પરાભવ પામશો નહિ. ૨૬

કોઈ જ્ઞાતિજન શ્રીમંત જ્ઞાતિજનને આશ્રયે જાય અને છતાં તેને દુઃખ ભોગવવાનું આવે તો હાથમાં ઝેરી બાણવાળા પારધીને આશ્રયેગયેલા મૃગનો વધ થવાથી જેમ એ મૃગવધનું પાપ પેલા પારધીને લાગે છે, તેમ જ્ઞાતિજનને તે દુઃખ પડયાનું પાપ પેલા શ્રીમંતને લાગે છે. ૨૭

હે નરશ્રેષ્ઠ ! યુદ્ધમાં પાંડવો કે તમારા પુત્રો હણાઈ ગયા છે, એ સાંભળીને તમને પછીથી સંતાપ થશે તો તમે આગળથી જ વિચાર કરોને!

આવરદા પરપોટા જેવી છે. એટલે જે કામ કરવાથી ખાટલે પડયા પડયા પશ્ચાતાપ કરવો પડે તે કામ પ્રથમથી જ કરવું નહિ. ૨૯

નીતિશાસ્ત્રકર્તા શુક્રાચાર્ય સિવાય બીજા કોઈ અન્યાય કરતો નથી એમ સમજવું નહિ પણ અન્યાય ધ્યાનમાં આવ્યા પછી બાકી રહેલાં કામમાં વિચારપૂર્વક વર્તવું, એ બુદ્ધિમાનોનું લક્ષણ છે. ૩૦

હે નરેશ્વર ! પૂર્વે દુર્યોધને પાંડવો પ્રત્યે જે પાપી વર્તન ચલાવ્યું છે, તે વર્તનનો બદલો કુળમાં વયોવૃદ્ધ એવા તમારે વાળી આપવો જોઈએ. ૩૧

નરશ્રેષ્ઠ ! પાંડવોને રાજ્યપદ ઉપર બેસાડીને તમે લોકમાં નિર્દોષ થશો અને વિદ્વાનોમાં પૂજ્ય થશો. ૩૨

જે મનુષ્ય ધીર પુરુષોનાં સારાં વચનોનાં પરિણામનો વિચાર કરીને કાર્ય કરવાનો નિશ્ચય કરે છે, તે ચિરકાળ સુધી યશસ્વી રહે છે. ૩૩

મહા કુશળ પુરુષોએ ઉપદેશેલા જ્ઞાનમાંથી જાણવા જેટલું જાણ્યું નહિ અથવા જાણ્યા છતાં તે પ્રમાણે વર્તન કર્યું નહિ તો તે ઉપદેશેલું જ્ઞાન નિષ્ફળ છે. ૩૪

જે મનુષ્ય પરિણામે પાપફળ આપનારાં કર્મને જાણીને તેનો આરંભ કરતો જ નથી, તે અભ્યુદય પામે છે; પરંતુ જે પૂર્વે કરેલાં પાપનો વિચાર કર્યા વિના પાપ જ કર્યા કરે છે, તે દુર્બુદ્ધિવાળા મનુષ્યને અગાધ ભયંકર નરકમાં નાખવામાં આવે છે. ૩૫

ડાહ્યા મનુષ્યે મસલત કરવાનાં આ છ દ્વારો લક્ષમાં રાખવાં અને સંપત્તિની વૃદ્ધિની ઈચ્છાવાળાએ એ દ્વારોનું નિત્ય રક્ષણ કરવું. મદિરાપાનથી થયેલો મદ, નિદ્રા, અન્યના ગુપ્ત દૂતાદિને ન ઓળખવા તે, પોતાના મુખનો તથા નેત્રાદિનો વિકાર, દુષ્ટ મંત્રીનો વિશ્વાસ અને મૂર્ખ દૂત. ૩૬, ૩૭

આ દ્વારો જાણીને હે રાજા ! જે તેને સાચવી રાખે છે ને ધર્મ, અર્થ તથા કામનું સેવન કરવામાં જોડાયેલો રહે છે તે શત્રુને તાબે કરે છે. ૩૮

બૃહસ્પતિ જેવાને પણ શાસ્ત્રના અધ્યયન વિના અથવા વૃદ્ધોની સેવા કર્યા વિના ધર્મ તથા અર્થનું જ્ઞાન થતું નથી. ૩૯

સમુદ્રમાં પડેલું નાશ પામ્યું સમજવું, કાને ન ધરનારને કહેલું વચન મિથ્યા ગયેલું સમજવું, અવિવેકીએ કરેલું શાસ્ત્રોનું ભણતર વ્યર્થ ગયેલું સમજવું અને અગ્નિ વિના કરેલો હોમ નિષ્ફળ ગયેલો સમજવો. ૪૦

બુદ્ધિમાન મનુષ્યે બુદ્ધિપૂર્વક પરીક્ષા કરવી. અનુભવપૂર્વક વારંવાર યોગ્યતા વિચારવી. બીજા પાસેથી ગુણદોષો સાંભળવા અને જાતે જોઈને તપાસ કરવી. એ પછી જ તેણે ડાહ્યાઓ સાથે મૈત્રી બાંધવી. ૪૧

વિનય અપકીર્તિનો નાશ કરે છે, પરાક્રમ અનર્થનો નાશ કરે છે, ક્ષમા નિત્ય ક્રોધનો નાશ કરે છે અને સદાચાર કુલક્ષણનો નાશ કરે છે. ૪૨

હે રાજન્ ! ભોગ્ય વસ્તુની સામગ્રી, જન્મસ્થાન, ઘર, આચરણ, ભોજન અને વસ્ત્ર એ ઉપરથી કુળની પરીક્ષા કરવી. ૪૩

જીવનમુક્ત પુરુષ પણ સમીપ આવેલી ઈષ્ટ વસ્તુનો નિષેધ કરતો નથી તો પછી વિષયાસક્ત માટે તો કહેવું જ શું ? ૪૪

શાણાને સેવનાર, વિદ્વાન, ધાર્મિક, સ્વરૂપવાન, મિત્રવાળા અને મધુર વાણીવાળા સ્નેહીનું પરિપાલન કરવું. ૪૫

મોટા કુળનો હોય કે હલકા કુળનો હોય છતાં જે મર્યાદાને ઓળંગતો નથી, જે ધર્મની અપેક્ષા રાખે છે, જે સરળ વૃત્તિ રાખે છે અને જે દુષ્કાર્ય કરતાં લજ્જા સેવે છે, તે સેંકડો કુલીનો કરતાં પણ ચડિયાતો છે. ૪૬

જે બંનેમાં એકનું મન બીજાના મન સાથે, એકનો ગુપ્ત વિચાર બીજાના ગુપ્ત વિચાર સાથે અને એકની બુદ્ધિ બીજાની બુદ્ધિ સાથે મળતાં આવે છે, તે બંનેની મૈત્રી કદી નાશ પામતી નથી. ૪૭

વિદ્વાન મનુષ્યે દુર્બુદ્ધિવાળા મૂર્ખ મનુષ્યનો ઘાસથી ઢંકાયેલા કૂવાની પેઠે ત્યાગ કરવો; કારણ કે તેવાની મૈત્રી નાશ પામે છે. ૪૮

ડાહ્યા માણસે ગર્વિષ્ઠ, મૂર્ખ, ક્રોધી, સાહસિક અને ધર્મભ્રષ્ટ મનુષ્યની મૈત્રી કરવી નહિ. ૪૯

તેણે તો કૃતજ્ઞ, ધાર્મિક, સત્યનિષ્ઠાવાળા, મોટા મનના, દૃઢ ભક્તિવાળા, જિતેંદ્રિય, મર્યાદામાં રહેનારા અને દગો ન દેનારાને જ મિત્ર કરવો. ૫૦

ઈંદ્રિયોને વિષયોમાં જ ન જવા દેવી એ મૃત્યુ કરતાં પણ વધારે દુષ્કર છે. ત્યારે ઈંદ્રિયોને અતિશય છૂટી મૂકવાથી દેવતાઓનો પણ નાશ થાય છે. ૫૧

કોમળ વૃત્તિ, સર્વ પ્રાણી પ્રત્યે અદેખાઈનો ત્યાગ, ક્ષમા, ધૈર્ય અને મિત્રોનો આદર એને વિદ્વાનો આયુષ્ય વધારનારાં કહે છે. ૫૨

જે કોઈ અન્યાયને લીધે બગડયું હોય તેને દઢ નિશ્ચયપૂર્વક ન્યાયથી પાછું પૂર્વ સ્થિતિમાં લાવવું, એ વીર પુરુષનું વ્રત છે. ૫૩

જે મનુષ્ય પડનારાં દુ:ખના ઉપાયો જાણે છે, પડતા દુ:ખમાં દૃઢ નિશ્ચય રાખે છે ને પડી ચૂકેલાં દુ:ખ પછી બાકીનું કાર્ય કેમ કરવું તે જાણે છે, તે અર્થથી ભ્રષ્ટ થતો નથી. ૫૪

મન, વાણી અને કર્મથી મનુષ્ય જે કામ વારંવાર કરે છે, તે કામ તેને ખેંચી જ જાય છે. એથી મનુષ્યે કલ્યાણકારક કર્મ જ કરવાં.૫૫

મંગળ વસ્તુઓનો સ્પર્શ, સહાયસંપત્તિ, શાસ્ત્રજ્ઞાન, ઉદ્યમ, સરળતા ને સત્પુરુષોનું વારંવાર દર્શન, એ સર્વ સમૃદ્ધિ આપનારાં છે.૫૬

ઉદ્યોગપરાયણતા એ લક્ષ્મી, લાભ અને શુભનું મૂળ છે. ઉદ્યોગ-પરાયણ મનુષ્ય મહાન થાય છે અને અનંત સુખ ભોગવે છે.૫૭

હે તાત ! સમર્થ મનુષ્યે સદૈવ સર્વના ઉપર ક્ષમા રાખવી. એના જેવું કલ્યાણકારક અને પરમ હિતકારી બીજું કશું જ નથી. ૫૮

શક્તિહીન મનુષ્યે સર્વ ઉપર ક્ષમા રાખવી અને સમર્થ મનુષ્યે ધર્મને અર્થે ક્ષમા રાખવી. જેને અર્થ તથા અનર્થ સમાન છે, એવા ઉદાસીન મનુષ્યને પણ ક્ષમા નિત્ય હિતાવહ છે. ૫૯

જે સુખનું સેવન કરતાં મનુષ્ય ધર્મ તથા અર્થથી ભ્રષ્ટ થતો નથી; તે સુખ ભલે સેવવું પણ મૂઢની જેમ કદી આચરણ કરવું નહિ. ૬૦

દુઃખથી પીડાતો મનુષ્ય, પ્રમત્ત, નાસ્તિક, આળસુ, ઈંદ્રિયાધીન અને નિરુત્સાહી એટલાઓને વિશે લક્ષ્મી વસતી નથી. ૬૧

સરળ પુરુષ પોતાની સરળતાથી અયોગ્ય કામ કરતા શરમાય છે, ત્યારે દુષ્ટ બુદ્ધિવાળાઓ તેને અશક્ત માનીને સતાવ્યા કરે છે. ૬૨

જે મનુષ્ય અતિશય સરળ, અતિશય દાની, અતિશય શૂરવીર અને અતિશય વ્રત-નિયમોનું પાલન કરનાર છે તેમજ જે ડહાપણનું અભિમાન રાખે છે, તેની પાસે લક્ષ્મી ભયથી ફરકતી પણ નથી.૬૩

લક્ષ્મી અતિ ગુણવાન પાસે રહેતી નથી, તેમ અતિશય ગુણહીનની પાસે પણ રહેતી નથી. તે ગુણને ચાહતી નથી તેમ ગુણહીનતાથી પણ રિઝાતી નથી. ઉન્મત્ત ગાયની જેમ એ અંધ લક્ષ્મી તો કોઈક જ ઠેકાણે ઠરીને રહે છે. ૬૪

અગ્નિહોત્ર પાળવું એ વેદાધ્યનનું ફળ છે. સુશીલતા અને સદાચાર એ શાસ્ત્રાધ્યનનું ફળ છે. રતિસુખ અને પુત્ર પ્રાપ્તિ એ સ્ત્રી પરણ્યાનું ફળ છે અને દાન કરવું તથા ઉપભોગ એ ધનનું ફળ છે. ૬૫

જે મનુષ્ય અધર્મથી સંપાદન કરેલા ધન વડે પરલોકના સાધનભૂત યજ્ઞ, દાન વગેરે કર્મો કરે છે તે મરણ પછી, ધન કુમાર્ગથી આવેલું હોવાને લીધે યજ્ઞ, દાન વગેરેનું ફળ ભોગવતો નથી. ૬૬

જંગલમાં, ભયંકર ઝાડીમાં, મોટી આપત્તિમાં, ગભરાટના સમયમાં ને હથિયારો ઉગામેલાં હોય તે વખતે હૃદય બળવાનને ભય લાગતો નથી.

ઉદ્યોગ, ઈંદ્રિયનિગ્રહ, દક્ષતા, સાવધાની, ધૈર્ય, સ્મરણશક્તિ અને વિચારપૂર્વક કાર્યારંભ, એમને ઐશ્વર્યનું કારણ જાણો. ૬૮

તપસ્વીઓનું બળ તપ છે, બ્રહ્મવેત્તાઓનું બળ બ્રહ્મ છે, દુર્જનોનું બળ હિંસા છે અને ગુણવાનોનું બળ ક્ષમા છે. ૬૯

જળ, મૂળ, ફળ, દૂધ, હવિષ, બ્રાહ્મણની ઈચ્છા, ગુરુનું વચન અને ઔષધ, આ આઠના સ્વીકારથી ઉપવાસાદિ વ્રતનો ભંગ થતો નથી.૭૦

પોતાને જે પ્રતિકૂળ લાગે એ બીજા પ્રત્યે પણ કરવું નહિ. આ સર્વ સાધારણ ધર્મ છે અને ઈચ્છા પ્રમાણે વર્તવાથી અધર્મ થાય છે.૭૧

શાંતિથી ક્રોધને જીતવો. સૌજન્યથી દુર્જનને જીતવો. દાનથી કૃપણને જીતવો અને સત્યથી અસત્યને જીતવું. ૭૨

સ્ત્રી, ઠગ, આળસુ, બીકણ, ક્રોધી, અભિમાની, ચોર, કૃતઘ્ની અને નાસ્તિક આટલાનો વિશ્વાસ કરવો નહિ. ૭૩

જે મનુષ્ય નિત્ય અભિવંદન કરવાના સ્વભાવવાળો હોય છે તથા વૃદ્ધોની સેવા કરે છે, તેનાં કીર્તિ, આયુષ્ય, યશ તથા બળ એ ચાર સારી રીતે વૃદ્ધિ પામે છે. ૭૪

જે ધન અત્યંત કષ્ટથી મળતું હોય, ધર્મનું ઉલ્લંઘન કરવાથી મળતું હોય અથવા શત્રુને પગે પડવાથી મળતું હોય, તે ધનમાં તમે મન રાખો નહિ. ૭૫

વિદ્યા વિનાનો પુરુષ શોચનીય છે. સંતાનોત્પતિ વિનાનું મૈથુન શોચનીય છે. જીવિકા વિનાની પ્રજા શોચનીય છે અને રાજા વિનાનું રાજ્ય શોચનીય છે. ૭૬

પ્રાણીઓને મુસાફરીથી ઘડપણ આવે છે. પર્વતોને પાણીથી ઘડપણ આવે છે. સ્ત્રીઓને અસંભોગથી ઘડપણ આવે છે અને મનને કઠોર વાણીથી ઘડપણ આવે છે. ૭૭

અભ્યાસ ન કરવો એ વેદનો મેલ છે અને વ્રતનો ત્યાગ કરવો એ બ્રાહ્મણનો મેલ છે, બાહ્‌લિક દેશ પૃથ્વીનો મેલ છે અને અસત્ય ભાષણ પુરુષનો મેલ છે. કુતૂહલ સાધ્વીનો મેલ છે અને પતિનું પરદેશ ગમન સ્ત્રીનો મેલ છે. ૭૮, ૭૯

સોનાને રૂપું મલિન કરે છે, રૂપાને કથિર મલિન કરે છે, કથિરને સીસું મલિન કરે છે અને સીસાને માટી મલિન કરે છે. ૮૦

ઊંઘ્યા કરવાથી ઊંઘને ન જિતાય, કામ ભોગવવાથી સ્ત્રીને ન જિતાય, ઈંધણાં નાખવાથી અગ્નિને ન જિતાય અને મદ્યપાન કરવાથી મદિરાને ન જિતાય. ૮૧

જેણે દાનથી મિત્રોને વશ કર્યા છે જેણે યુદ્ધથી શત્રુઓને જીત્યા છે ને જેણે ખાનપાનથી સ્ત્રીઓને વશ કરી છે, તેનું જીવતર સફળ છે.૮૨

હે ધૃતરાષ્ટ્ર ! હજાર રૂપિયાવાળા જીવે છે ને સો રૂપિયાવાળા પણ જીવે (આજીવિકા ચલાવે) છે; માટે તમે (આખા રાજ્યની) ઈચ્છા છોડી દો; કારણ કે કોઈપણ સ્થિતિમાં જીવાતું નથી એમ નથી. ૮૩

આ પૃથ્વીમાં જે કાંઈ સુવર્ણ, ડાંગર, જવ, પશુઓ અને સ્ત્રીઓ છે, તે બધું કોઈ એકને મળે તો પણ તેને તૃપ્તિ થતી નથી. આ જોઈને ડાહ્યો મનુષ્ય મોહ પામતો નથી. ૮૪

હે રાજન્ ! હું તમને ફરીથી પણ કહું છું કે, જો તમને તમારા પોતાના પુત્રોમાં અને પાંડવોમાં સમભાવ હોય તો તમે બંને પ્રત્યે સમાનતાથી વર્તો. ૮૫

**વિદુરનીતિ અધ્યાય સાતમો સંપૂર્ણ.**

# અધ્યાય-૮

**વિદુર બોલ્યા :** સજ્જનોથી માન પામ્યા છતાં જે મનુષ્ય અભિમાન રહિત રહીને પોતાની શક્તિ પ્રમાણે કામ કરે છે, તે સત્પુરુષને તત્કાળ યશ પ્રાપ્ત થાય છે; કારણ કે પ્રસન્ન થયેલા સજ્જનો સુખ આપવા સમર્થ છે. ૧

બીજાઓએ અડચણ નાખી ન હોય છતાં જે મનુષ્ય અધર્મથી મળતા મોટા અર્થલાભનો ત્યાગ કરે છે, તે મનુષ્ય જૂની કાંચળીનો ત્યાગ કરનાર સર્પની જેમ દુઃખોથી મુક્ત થઈને સુખથી નિદ્રા લે છે. ૨

અસત્ય બોલીને વિજય મેળવવો, રાજા પાસે ચાડી ખાવી અને ગુરુ આગળ મિથ્યા આગ્રહ કરવો, એ બ્રહ્મહત્યા કરવા બરાબર છે.૩

ઈર્ષ્યા કરવી એ ખરેખર મૃત્યુ જ છે. વધારે પડતું બોલવું એ લક્ષ્મીનો નાશ કરનારું છે અને ગુરુની સેવા કરવી નહિ, ઉતાવળ કરવી તથા આત્મશ્લાઘા કરવી, એ ત્રણ વિદ્યાના શત્રુ છે. ૪

આળસ, મદ, મોહ, ચપળતા, વાતોડિયાપણું, ઉદ્ધતાઈ, અભિમાન અને લોભ આ સાત સર્વદા વિદ્યાર્થીઓના દોષ મનાય છે. ૫

સુખની ઈચ્છાવાળાને વિદ્યા ક્યાંથી હોય ? અને વિદ્યાની ઈચ્છા-વાળાને સુખ ક્યાંથી હોય ? માટે સુખની ઈચ્છા રાખનારે વિદ્યાનો ત્યાગ કરવો અને વિદ્યાની ઈચ્છા રાખનારે સુખનો ત્યાગ કરવો. ૬

અગ્નિ લાકડાથી તૃપ્ત થતો નથી, મહા સમુદ્ર નદીઓથી તૃપ્ત થતો

નથી, મૃત્યુ સર્વ પ્રાણીઓથી તૃપ્ત થતું નથી અને કુલટા સ્ત્રી પુરુષોથી તૃપ્ત થતી નથી. ૭

હે રાજન્ ! આશા ધૈર્યનો નાશ કરે છે, કાળ સમૃદ્ધિનો નાશ કરે છે, ક્રોધ લક્ષ્મીનો નાશ કરે છે, કૃપણતા યશનો નાશ કરે છે, અરક્ષણ પશુઓનો નાશ કરે છે અને કોપાયમાન થયેલો એક બ્રાહ્મણ આખા દેશનો નાશ કરે છે. ૮

બકરાં, કાંસું, રૂપું, મધ, ઝેર ચૂસનારું મહોરું, પક્ષી, વૈદિક બ્રાહ્મણ, વૃદ્ધ જ્ઞાતિજન અને પડતીમાં આવેલો કુલીન, એટલાં તમારે ઘેર સદૈવ રહો. ૯

હે ભારત ! બકરી, બળદ, ચંદન, વીણા, દર્પણ, મધ, ઘી, લોઢું, તાંબાનું પાત્ર, દક્ષિણાવર્ત શંખ, શાલિગ્રામ અને ગોરોચન આટલી મંગલકારક વસ્તુઓ દેવ, બ્રાહ્મણ તથા અતિથિઓની પૂજાને માટે ઘરમાં રાખવી. એમ મનુ મહારાજે કહ્યું છે. ૧૦, ૧૧

હે તાત ! હું તમને આ સર્વોત્તમ, પુણ્યકારક અને મંગળદાયી વાત કહું છું કે કામ, ભય કે લોભથી કે આ જીવન માટે પણ કદી ધર્મનો ત્યાગ કરવો નહિ. ૧૨

ધર્મ નિત્ય છે અને સુખદુઃખ અનિત્ય છે; કેમ કે જીવ નિત્ય છે અને તેના કારણરૂપ અવિદ્યા અનિત્ય છે. માટે તમે અનિત્યનો ત્યાગ કરીને નિત્ય વસ્તુમાં નિષ્ઠા રાખો અને સંતુષ્ટ રહો, કારણ કે સંતોષ એ જ મોટો લાભ છે. ૧૩

જુઓ મહા બળવાન અને મહાન મહિમાવાળા રાજાઓ પણ ધનધાન્યથી ભરેલી પૃથ્વી ઉપર રાજ્ય કરીને તે રાજ્યો તથા વિશાળ વૈભવોને છોડી મૃત્યુને વશ થયા છે. ૧૪

હે રાજન્ ! દુઃખ વેઠીને મોટો કરેલો પુત્ર પણ મરણ પામે છે તો

મનુષ્યો તેને ઉપાડીને પોતાના ઘરમાંથી દૂર લઈ જાય છે. તેઓ કેશ છૂટા મૂકીને કરુણ સ્વરે રડે છે પણ પછી તેને કાષ્ટની માફક જલતી ચિતામાં નાખી દે છે ! ૧૫

મરણ પામેલા મનુષ્યનું ધન બીજો માણસ ભોગવે છે તેમજ પક્ષીઓ અને અગ્નિ તેના શરીરની સાત ધાતુઓને ખાય છે તે મરનાર તો પુણ્ય તથા પાપ એ બંનેથી વીંટાઈને તેમની સાથે પરલોકમાં જાય છે. ૧૬

હે તાત ! ફળફૂલ વિનાના ઝાડનો જેમ પક્ષીઓ ત્યાગ કરે છે તેમ જ્ઞાતિજનો, સ્નેહીઓ અને પુત્રો મરનારના દેહને છોડીને પાછા (પોત પોતાના ઘર તરફ) વળે છે. ૧૭

અગ્નિમાં નાખેલ પુરુષની પાછળ તેનું પોતાનું કરેલું કર્મ જાય છે, માટે પુરુષે પ્રયત્નથી ધીરે ધીરે ધર્મનો સંગ્રહ કરવો. ૧૮

આ લોક ઉપર રહેલા પરલોક ઉપર તથા આ લોકની નીચે પાતાળ સુધી અજ્ઞાનરૂપ મહાન અંધકાર ફેલાયેલો છે તે ઈંદ્રિયોને મહા મોહ કરનારો છે, એમ જાણો. હે રાજન્ ! રખે તમને એ મળે. ૧૯

મારાં આ વચનો સાંભળીને તમે જો તે સર્વ સમજવા સમર્થ થશો તો તમે મનુષ્ય લોકમાં ઉત્તમ યશ પામશો અને તમને આ લોકમાં તથા પરલોકમાં ભય થશે નહિ. ૨૦

હે ભારત ! આત્મા એ એક નદી છે, તેમાં પુણ્ય એ તીર્થ છે, બ્રહ્મ તેનું ઉત્પત્તિ સ્થાન છે, ધૈર્ય તેના કિનારા છે અને દયા તેના તરંગ છે. જે પુણ્ય કર્મવાળો પુરુષ તેમાં સ્નાન કરે છે, (પોતાના આત્મા સ્વરૂપને ઓળખે છે,) તે પવિત્ર થાય છે. અને નિત્ય લોભરહિત સ્થિતિ એ જ પુણ્ય છે. ૨૧

કામ તથા ક્રોધરૂપી મગરવાળી અને પાંચ ઈંદ્રિયોરૂપી જળવાળી

સંસારનદીમાં તમે ધૈર્યરૂપી નૌકાનો આશ્રય કરીને જન્માદિ દુઃખને તરી જાઓ. ૨૨

કયું કાર્ય કરવું અને કયું ન કરવું, આ સંબંધમાં જે મનુષ્ય જ્ઞાનમાં, ધર્મમાં, વિદ્યામાં અને વયમાં વૃદ્ધ એવા પોતાનાં સંબંધીને માન આપીને તથા પ્રસન્ન કરીને પૂછે છે, તે કોઈ દિવસ મૂંઝાતો નથી. ૨૩

ધૈર્યથી શિશ્ન તથા ઉદરની રક્ષા કરવી. નેત્રથી હાથો તથા પગોની રક્ષા કરવી. મનથી આંખ તથા કાનની રક્ષા કરવી અને કર્મથી મન તથા વાણીની રક્ષા કરવી. ૨૪

જે બ્રાહ્મણ નિત્ય યોગ્ય સમયે સ્નાનસંધ્યા કરે છે, નિત્ય જનોઈ ધારણ કરે છે, નિત્ય વેદાધ્યયન કરે છે, પતિતના અન્નનો ત્યાગ કરે છે, સત્ય બોલે છે અને ગુરુની સેવા કરે છે. તે બ્રહ્મલોકથી કદી ભ્રષ્ટ થતો નથી. ૨૫

જે ક્ષત્રિય વેદનો અભ્યાસ કરી, અગ્નિહોત્ર કરી, યજ્ઞોથી દેવોનું યજન કરી તથા પ્રજાનું પાલન કરી ગો બ્રાહ્મણને માટે શસ્ત્રથી હણાય છે અથવા સંગ્રામમાં પ્રાણ આપે છે, તે પવિત્ર ચિત્તવાળો થઈને સ્વર્ગમાં જાય છે. ૨૬

જે વૈશ્ય વેદાધ્યયન કરી, યોગ્ય સમયે બ્રાહ્મણો, ક્ષત્રિય તેમજ આશ્રિતોને ધનનો વિભાગ આપી અને ગાર્હપત્ય, આહ્વનીય તથા દક્ષિણાગ્નિ આ ત્રણ અગ્નિનો પુણ્ય પવિત્ર ધુમાડો સૂંઘી ખોળિયું છોડે છે, તે સ્વર્ગમાં દિવ્ય સુખો ભોગવે છે. ૨૭

જે શૂદ્ર બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યની અનુક્રમે યથાયોગ્ય સેવા કરે છે, એ બ્રાહ્મણાદિ સંતુષ્ટ થવાથી દુઃખરહિત તથા પાપરહિત થાય છે અને દેહત્યાગ પછી સ્વર્ગનાં સુખ ભોગવે છે. ૨૮

આ મેં તમને ચારે વર્ણનો ધર્મ કહ્યો. તે કહેવાનું તમે આ કારણ

સમજો કે, પાંડુપુત્ર યુધિષ્ઠિર પૃથ્વીપાલનરૂપી ક્ષાત્રધર્મથી ભ્રષ્ટ થયા છે, માટે હે રાજન્ ! તમે તેને રાજધર્મમાં જોડો. ૨૯

ધૃતરાષ્ટ્ર બોલ્યા : હે સૌમ્ય ! તું મને નિત્ય આવો સત્ય ઉપદેશ આપે છે. મને પણ મનમાં થાય જ છે કે તું મને કહે છે તેમ જ કરું ! ૩૦

પાંડવો પ્રત્યે મને હંમેશાં એવી બુદ્ધિ થાય છે પણ દુર્યોધન મને મળે છે અને તે બધું ફરી જાય છે ! ૩૧

કોઈપણ પ્રાણી દૈવને ઓળંગી શકે એમ નથી. મને તો લાગે છે, દૈવ એ જ સાચું છે અને પુરુષાર્થ તો નિરર્થક છે. ૩૨

**વિદુરનીતિ અધ્યાય આઠમો સંપૂર્ણ.**